RNI NO GUJ/GUJ/2005/23890
LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૨ મહા સુદ -૧૨   શુક્રવાર, તા.૩૦-૦૧-૨૦૨૬   અંક : ૨૭ વર્ષ : ૨૧   email :rajkot@aaspassindia.com   કિંમત રૂા. ૨-૫૦   પાના - ૮

# ગોંડલ-આટકોટ રોડ પર કાર અકસ્માતમાં ત્રણનાં મોત

## ૮ ફૂટની ઊંચાઈથી પુલ નીચે ખાબકતાં ભીષણ આગ લાગી, કારમાં સવાર એક બાળક સહિત ત્રણ લોકો જીવતા ભુંજાયા

રાજકોટ

ગોંડલ-આટકોટ હાઈવે પર આજે વહેલી સવારે એક કાળજું કંપાવી દે તેવી ગમખ્વાર દુર્ઘટના સર્જાઈ છે. મોટા માંડવા અને મોટા દડવા ગામ વચ્ચે એક કાર ૮ ફૂટની ઊંચાઈથી પુલ નીચે ખાબકતાં તેમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આ અકસ્માતમાં કારમાં સવાર એક બાળક સહિત ત્રણ લોકોને બહાર નીકળવાનો મોકો મળે તે પહેલાં જ તેઓ જીવતા ભુંજાયા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, સાણથલી ૧૦૮ એમ્બ્યુલન્સમાં વહેલી સવારે કોલ આવ્યો હતો.



જે મુજબ, એક હ્યુન્ડાઈ 'ઓરા' કાર પૂરઝડપે જઈ રહી હતી ત્યારે ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. કાર રોડ પરથી નીચે ઉતરી જઈ પુલ નીચે ઊંધી ખાબકી હતી. કાર ઊંધી પડતા જ તેમાં શોર્ટ સર્કિટ અથવા ઈંધણ લીકેજને કારણે ભયાનક આગ લાગી હતી. આગ એટલી ઝડપથી પ્રસરી હતી કે અંદર સવાર મુસાફરોને બારણું ખોલવાની પણ તક મળી ન હતી. વહેલી સવારે સર્જાયેલા આ અકસ્માત પાછળ અનેક કારણોની ચર્ચા થઈ રહી છે. વહેલી સવારે હાઈવે પર છવાયેલા ગાઢ ધુમ્મસને કારણે વિઝિબિલિટી ઓછી હોઈ શકે છે. ચાલકને ઊંઘનું ઝોકું આવી જતાં કાર પુલ નીચે ઉતરી ગઈ હોવાની પણ શક્યતા છે.

હાલમાં પોલીસે અકસ્માત સ્થળે પંચનામું કરી મૃતકોની ઓળખ વિધિ માટેની પ્રક્રિયા હાથ ધરી છે. કારના નંબર અને એન્જિન નંબરના આધારે માલિકની ઓળખ કરવાના પ્રયાસો ચાલુ છે. આ ઘટનાને પગલે ગોંડલ પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી અને તેમના ઉમદા આદર્શોને યાદ કર્યા. સોશિયલ મીડિયા પર ગાંધીજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરતા પ્રધાનમંત્રીએ તેમના અહિંસાના સિદ્ધાંત પર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે પૂજ્ય ગાંધીએ હંમેશા આપણને માનવતાના રક્ષણ માટે અહિંસાના માર્ગને અપનાવવાનું શીખવ્યું.



પર્યટન સ્થળ કોઈ માટે હરવા ફરવાનું સ્થળ તો કોઈ માટે સંશોધનનો વિષય બની શકે છે,પરંતુ આજીવિકા માટે સંઘર્ષ કરતા વ્યક્તિ માટે આ સ્થળ એક માત્ર રોજીરોટીનું સ્થાન છે.ભારતના આધ્યાત્મિક કેન્દ્ર ગણાતા વારાણસીમાં ગંગા કિનારે એક વ્યક્તિ હાથમાં ખાદ્યસામગ્રીનો જથ્થો લઈને ગ્રાહકની રાહ જોઈ રહ્યો છે.

# પાકિસ્તાનના કોઈપણ પ્રાંતમાં આતંકી હુમલાની શક્યતા

## અમેરિકાએ તેના નાગરિકોને પાકિસ્તાનનો પ્રવાસ ન કરવા જણાવ્યું : ટ્રાવેલ એડવાઈઝરીમાં પાકિસ્તાનને લેવલ ત્રણમાં મૂક્યું

વોશિંગ્ટન

અમેરિકાએ હવે તેના નાગરિકોને પાકિસ્તાનની મુસાફરી ન કરવાની સલાહ આપી છે.પાકિસ્તાનમાં આતંકવાદી હુમલો ક્યાંય પણ થઈ શકે છે.

યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે તેના નાગરિકોને પાકિસ્તાનની મુસાફરી પર પુનર્વિચાર કરવા અનુરોધ કર્યો છે. વિભાગે સુરક્ષા, ગુના, અશાંતિ, આતંકવાદ અને અપહરણના જોખમોને પ્રાથમિક કારણો ગણાવ્યા છે. અપડેટેડ ટ્રાવેલ એડવાઈઝરીમાં પાકિસ્તાનને લેવલ ૩ ટ્રાવેલ પર પુનર્વિચાર શ્રેણીમાં મૂકવામાં આવ્યું છે, જે પ્રવાસીઓ માટે જોખમ દર્શાવે છે.

આ સલાહમાં જણાવાયું છે કે પાકિસ્તાનમાં ગમે ત્યારે આતંકવાદી હુમલો થઈ શકે છે.

એક અંગ્રેજી દૈનિકના અહેવાલ મુજબ, સલાહમાં ચેતવણી આપવામાં આવી છે કે પરિવહન કેન્દ્રો, હોટલો, બજારો, શોપિંગ મોલ, લશ્કરી અને સુરક્ષા મથકો, એરપોર્ટ, ટ્રેનો, શાળાઓ, હોસ્પિટલો, પૂજા સ્થાનો, પર્યટન સ્થળો અને સરકારી ઈમારતો અસુરક્ષિત છે.

ખૈબર પખ્તુનખ્વાના ભાગોને સૌથી ખતરનાક શ્રેણી, સ્તર ૪ માં મૂકવામાં આવ્યા છે, અને યુએસ નાગરિકોને કોઈપણ કારણોસર ત્યાં મુસાફરી ન કરવાની સલાહ આપવામાં આવી છે.

તેણે ચેતવણી આપી હતી કે સરકારી અધિકારીઓ અને નાગરિકો સામે હત્યા અને અપહરણના પ્રયાસો પ્રાંતમાં સામાન્ય છે.

ઓપરેશન સિંદૂર દરમિયાન ભારત દ્વારા હારનો સામનો કરનાર પાકિસ્તાની સેના પરિવર્તનમાંથી પસાર થઈ રહી છે. આ વાતની પુષ્ટિ ખુદ સંરક્ષણ દળોના વડા (ઝઙ્ઢહ્મ) ફિલ્ડ માર્શલ અસીમ મુનીરે કરી હતી. મુનીરે ભવિષ્યના યુદ્ધક્ષેત્રો અને સુરક્ષા પડકારોની જરૂરિયાતોને પહોંચી વળવા માટે વ્યૂહાત્મક ફેરફારો પર ભાર મૂક્યો હતો.

પાકિસ્તાની ઝઙ્ઢહ્મ એ પુનરોચ્ચાર કર્યો કે તેઓ દેશની પ્રાદેશિક અખંડિતતાના રક્ષણ માટે તમામ જોખમોનો સામનો કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. મુનીરે બહાવલપુર છાવણીની મુલાકાત દરમિયાન આ ટિપ્પણી કરી હતી. તેમને કોર્પ્સના વિવિધ ઓપરેશન્સ અને તાલીમ વિશે માહિતી આપવામાં આવી હતી, જેમાં બહુ-પરિમાણીય યુદ્ધ તૈયારીઓ પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. સૈનિકોને સંબોધતા, મુનીરે તેમના ઉચ્ચ મનોબળ અને વ્યાવસાયિકતાની પ્રશંસા કરી. મુનીરે કહ્યું, "સશસ્ત્ર દળો પાકિસ્તાનની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું રક્ષણ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે.

# યુરોપિયન યુનિયને ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સને આતંકવાદી સંગઠન જાહેર કર્યું

## નિર્ણય લેવામાં ભૂલ કરો છો : ઈરાનનો વળતો જવાબ

નવી દિલ્હી

ઈરાનમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો વચ્ચે, યુરોપિયન યુનિયને એક મોટો નિર્ણય લીધો છે. યુનિયનના વિદેશ મંત્રીઓએ ઈરાનની સેના, ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સને આતંકવાદી સંગઠન જાહેર કર્યું છે. આ નિર્ણયમાં હવે IRGC ને ઈસ્લામિક સ્ટેટ (ISIS) અને અલ-કાયદા જેવા ખતરનાક સંગઠનોની યાદીમાં શામેલ કરવામાં આવ્યું છે. આ પગલું ઈરાનના નેતૃત્વ પ્રત્યે યુરોપના બદલાતા કડક વલણને પ્રતિબિંબિત કરે છે.

ઈયુ વિદેશ નીતિના વડા કાજા કલ્લાસે આ નિર્ણયને ટેકો આપ્યો. તેણીએ સોશિયલ મીડિયા પર લખ્યું, "લોકો સામે કરવામાં આવતા અત્યાચારોનો ચોક્કસપણે જવાબ આપવામાં આવશે." તેણીએ ઉમેર્યું કે જે શાસન પોતાના હજારો લોકોની હત્યા કરે છે તે પતન પામશે. ડચ વિદેશ મંત્રી ડેવિડ વાન વીલે એમ પણ કહ્યું કે વિરોધીઓ સામે હિંસા અને ક્રૂરતા સહન કરી શકાતી નથી.

આ નિર્ણયના અનેક મોટા કાનૂની પરિણામો આવશે. હવે ઈયુ દેશો માટે IRGC ના સભ્યો પર કાર્યવાહી કરવી ખૂબ સરળ બનશે. અધિકારીઓને હવે ચોક્કસ આતંકવાદી કાવતરું સાબિત કરવાની જરૂર રહેશે નહીં; ફક્ત કોઈ સંગઠન સાથે જોડાણ હોવું એ કાર્યવાહી માટે પૂરતું હશે. વધુમાં, સંગઠનની સંપત્તિઓ સ્થગિત કરવી અને યુરોપિયન પોલીસ (યુરોપોલ) સાથે માહિતી શેર કરવી સરળ બનશે.

ઈરાને આ નિર્ણય પર તીવ્ર પ્રતિક્રિયા આપી છે. ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ તેને એક મોટી વ્યૂહાત્મક ભૂલ ગણાવી. તેમણે કહ્યું કે જ્યારે ઘણા દેશો આ ક્ષેત્રમાં યુદ્ધ અટકાવવાનો પ્રયાસ કરી રહ્યા છે, ત્યારે યુરોપ આગમાં ઘી ઉમેરવાનું કામ કરી રહ્યું છે. તેમણે આ નિર્ણયને યુનાઈટેડ સ્ટેટ્સના દબાણ હેઠળ લેવામાં આવ્યો હોવાનું ગણાવ્યું.

# અજિત પવાર ટુક સમયમાં એનસીપીના બે જૂથને એક કરવાની તૈયારીમાં હતા

## અજિત પવારના અવસાન બાદ તેના નજીકના નેતાનો દાવો

મુંબઈ

મહારાષ્ટ્રના ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી અજિત પવારનું વિમાન દુર્ઘટનામાં અવસાન થયું હતું. ગુરુવારે બારામતીના વિદ્યા પ્રતિષ્ઠાન મેદાનમાં NCP વડાના સંપૂર્ણ રાજકીય સન્માન સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. અજિત પવારના અવસાન પછી, તેમના રાજકીય વારસા વિશે વિવિધ અટકળો ચાલી રહી છે. દરમિયાન, તેમના એક નજીકના સહયોગીએ હવે એક મહત્વપૂર્ણ ખુલાસો કર્યો છે, જેમાં તેમણે જણાવ્યું છે કે તેઓ NCPના બે જૂથોને મર્જ કરવાની યોજના બનાવી રહ્યા હતા.સ્વર્ગસ્થ અજિત પવારના નજીકના સહયોગી કિરણ ગુજ્જરે દાવો કર્યો હતો કે તેઓ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP) ના બે જૂથોને મર્જ કરવા માટે ઉત્સુક હતા, અને તે નિકટવર્તી હતું. પીઢ નેતાના મૃત્યુના બે દિવસ પછી,



ગુજ્જરે ખુલાસો કર્યો હતો કે અજિત પવારે પોતે આ માહિતી તેમની સાથે શેર કરી હતી.

કિરણ ગુજ્જર ૧૯૮૦ ના દાયકાના મધ્યમાં રાજકારણમાં પ્રવેશ્યા તે પહેલાં જ અજિત પવાર સાથે સંકળાયેલા હતા. તેઓ સ્વર્ગસ્થ નેતાના નજીકના સહયોગી અને વિશ્વાસુ સહાયક હતા. હવે, કિરણ ગુર્જરે ગુરુવારે (૨૯ જાન્યુઆરી) સમાચાર એજન્સી પીટીઆઈ સાથે વાત કરતા કહ્યું કે અજિત પવારે તેમને વિમાન દુર્ઘટનાના પાંચ દિવસ પહેલા, બુધવારે (૨૮ જાન્યુઆરી) આ અંગે જાણ કરી હતી.ગુર્જરે વધુમાં કહ્યું કે તેઓ બંને જૂથોના વિલીનીકરણ માટે ૧૦૦% ઉત્સુક છે. "તેમણે મને પાંચ દિવસ પહેલા કહ્યું હતું કે સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે અને આગામી થોડા દિવસોમાં વિલીનીકરણ થશે." એ નોંધવું જોઈએ કે તાજેતરની મ્યુનિસિપલ ચૂંટણીઓ દરમિયાન, જેમાં બંને જૂથો ગઠબંધનમાં લડ્યા હતા, અજિત પવારે પસંદગીના પત્રકારોને પણ કહ્યું હતું કે તેઓ તેમના પક્ષને એનસીપી (સપા) સાથે મર્જ કરવા માંગે છે.

# અમેરિકા હવે જપ્ત કરેલું ઓઈલ ટેન્કર વેનેઝુએલાને પરત કરશે

## વેનેઝુએલા સામે કડક કાર્યવાહી કર્યા બાદ હવે ટ્રમ્પ વહીવટી તંત્રના નિર્ણયથી વિશ્વભરના દેશો અચંબિત

વોશિંગ્ટન

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રે એક અત્યંત આશ્ચર્યજનક નિર્ણય લેતા વેનેઝુએલાનું જપ્ત કરેલું ક્રૂડ ઓઈલનું ટેન્કર પરત કરવાનો આદેશ આપ્યો છે. પનામાના ધ્વજ ધરાવતા સ્/ સોફિયા (સ્/ જીૈંટ્ઠ) નામના આ ટેન્કરને મુક્ત કરવાના નિર્ણયથી આખી દુનિયા ચોંકી ઉઠી છે, કારણ કે ટ્રમ્પ પ્રશાસન સામાન્ય રીતે પ્રતિબંધોના મામલે અત્યંત કડક વલણ માટે જાણીતું છે.

અહેવાલો અનુસાર, સાતમી જાન્યુઆરી ૨૦૨૬ના રોજ યુએસ



કોસ્ટ ગાર્ડ અને લશ્કરી દળોએ સમુદ્રમાં ઓપરેશન કરીને સ્/ સોફિયાને અટકાવ્યું હતું. તે સમયે અમેરિકાએ આ જહાજને "રાજ્યવિહીન" અને "ડાર્ક ફ્લીટ" (પ્રતિબંધો ચોરી છૂપીથી તોડતું જહાજ) ગણાવ્યું હતું. આરોપ હતો કે આ ટેન્કર વેનેઝુએલાના પ્રતિબંધિત ક્રૂડ ઓઈલની ગેરકાયદે હેરાફેરીમાં સામેલ હતું. વર્ષ ૨૦૨૫ના અંતથી અત્યાર સુધી અમેરિકાએ વેનેઝુએલાના આવા ૭ ટેન્કરો જપ્ત કર્યા છે, જેમાંથી 'સોફિયા' પરત કરાયેલું પ્રથમ જહાજ છે.અમેરિકી અધિકારીઓએ હજુ સુધી એ સ્પષ્ટ કર્યું નથી કે આટલી કડક કાર્યવાહી બાદ અચાનક જહાજ પરત કરવાનો નિર્ણય શા માટે લેવાયો. આ અંગે અનેક અટકળો લગાવાઈ રહી છે. શું અમેરિકા અને વેનેઝુએલા વચ્ચે પડદા પાછળ કોઈ મોટી સમજૂતી થઈ છે? શું વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના વધતા ભાવોને કાબૂમાં લેવા અમેરિકા વેનેઝુએલા પ્રત્યે વલણ નરમ કરી રહ્યું છે? શું જહાજમાં રહેલા ક્રૂડ ઓઈલના જથ્થા કે માલિકી હક બાબતે કોઈ કાયદાકીય ગૂંચ ઉભી થઈ હતી?

જો અમેરિકા વેનેઝુએલા પરના પ્રતિબંધો હળવા કરે, તો વૈશ્વિક ઓઈલ સપ્લાય ચેઈનમાં મોટો ફેરફાર આવી શકે છે. વેનેઝુએલા પાસે વિશ્વનો સૌથી મોટો તેલ ભંડાર છે, પરંતુ અમેરિકન પ્રતિબંધોને કારણે તે લાંબા સમયથી આર્થિક સંકટમાં છે. હાલમાં એ પણ સ્પષ્ટ નથી કે પરત કરવામાં આવેલું આ જહાજ તેલથી ભરેલું છે કે ખાલી. પરંતુ આ એક પગલાએ વોશિંગ્ટન અને કારાકાસ વચ્ચેના સંબંધોમાં નવી દિશાના સંકેત આપ્યા છે.

# રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી સહિતનાએ મહાત્મા ગાંધીને અર્પી શ્રધ્ધાંજલિ

નવી દિલ્હી

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહાત્મા ગાંધીની પુણ્યતિથિ પર રાજઘાટ ખાતે તેમને પુષ્પાંજલિ અર્પણ કરી. આ દરમિયાન બધાએ બાપુના વિચારોને યાદ કર્યા અને તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

આ પ્રસંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપિતાને શ્રદ્ધાંજલિ આપવા માટે રાજઘાટની મુલાકાત લીધી. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, સંરક્ષણ રાજ્યમંત્રી સંજય સેઠ અને કેન્દ્રીય મંત્રી મનોહર લાલ પણ પ્રધાનમંત્રી સાથે હાજર રહ્યા હતા. તેમણે મહાત્મા ગાંધીની સમાધિ પર પુષ્પાંજલિ અર્પણ કરી અને તેમના વિચારોને યાદ કર્યા. આ સમયગાળા દરમિયાન દેશભરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

પ્રધાનમંત્રીએ તેમના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર લખ્યું, "રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને તેમની પુણ્યતિથિ પર મારી હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ. આદરણીય બાપુએ હંમેશા સ્વદેશી પર ભાર મૂક્યો, જે વિકસિત અને આત્મનિર્ભર ભારત માટેના આપણા સંકલ્પનો પાયો પણ છે. તેમનું વ્યક્તિત્વ અને કાર્ય હંમેશા આપણા દેશવાસીઓને ફરજના માર્ગ પર ચાલવા માટે પ્રેરણા આપશે.

CMYK



# વેચાણ કરારથી સરકારી જંગલની જમીન પર અધિકાર નહીં : હાઈકોર્ટ

## રજિસ્ટર્ડ વેચાણ કરારના આધારે ગીર જંગલના જસાધાર રેન્જમાં આવેલી જમીન પર કબજો હોવાનો દાવો અરજદારે કર્યો હતો

અમદાવાદ

ગુજરાત હાઈકોર્ટે એક મહત્ત્વપૂર્ણ ચુકાદો આપતાં ઠરાવ્યું છે કે સરકારી જંગલ જમીનનો ભાગ બનેલી જમીનના વેચાણ કરારથી કોઈ અધિકાર કે માલિકી હક થઈ જતો નથી. આવા કરારના આધારે દાવો કરાયેલો કબજો રાજ્ય સામે ટકી શક્તો નથી. જસ્ટિસ જે. સી. દોશીએ વર્ષ ૨૦૦૪માં સિવિલ પ્રોસિજર કોડની કલમ ૧૦૦ હેઠળ ૩૦મી માર્ચ ૧૯૬૫ના રોજ રજિસ્ટર્ડ વેચાણ કરારના આધારે ગીર જંગલના જસાધાર રેન્જમાં આવેલી જમીન પર કબજો હોવાનો દાવો અરજદારે કર્યો હતો. આ જમીન મૂળ વસાહતીને વન વસાહત હેઠળ લીઝહોલ્ડ જમીન તરીકે આપવામાં આવી હતી. અરજદાર તરફથી દલીલ કરવામાં આવી હતી કે, વેચાણ કરાર મૂળ વસાહતીના વારસદાર હોવાનો દાવો કરનારા વ્યક્તિઓ દ્વારા કરવામાં આવ્યો હતો. જમીનનો કબજો કરાર અનુસાર સોપવામાં આવ્યો હતો. વન વિભાગ દ્વારા કબજો રદ કરવાની ધમકી આપતા અરજદારે કાયમી મનાઈ હુકમ માગતો દાવો દાખલ કર્યો હતો. ત્યારબાદ જમીન અંગેના વન વિભાગ દ્વારા પસાર કરાયેલા આદેશને પડકારવા અરજદારે તેની ફરિયાદમાં સુધારો કર્યો હતો.

જોકે, ટ્રાયલ કોર્ટે આ દાવો ફગાવી દીધો હતો. જેને પ્રથમ અપીલ કોર્ટે પણ સમર્થન આપ્યું હતું.

ત્યારબાદ અરજદારે બીજી અપીલ હાઈકોર્ટમાં કરી હતી. હાઈકોર્ટ સમક્ષ એ મામલો આવ્યો હતો કે શું અરજદાર વેચાણ કરારના આધારે જંગલની વસાહતી જમીન સંબંધિત રાજ્ય સામે કોઈ હકનો દાવો કરી શકે છે અથવા કબજાનું રક્ષણ માગી શકે કે કેમ. કોર્ટે આ કેસમાં એવી ચકાસણી પણ કરી હતી કે, શું આવી પરિસ્થિતિઓમાં મિલકત ટ્રાન્સફર કાયદાની કલમ ૫૩૪ લાગુ કરી શકાય છે અને શું બીજી અપીલમાં વિચારણા માટે કાયદાનો કોઈ મહત્વપૂર્ણ પ્રશ્ન ઉભો થયો છે કે કેમ આ તમામ મુદ્દાનું મૂલ્યાંકન કર્યા બાદ હાઈકોર્ટે ઠરાવ્યું હતું કે, અરજદાર વિવાદિત જમીનના સંદર્ભમાં કોઈપણ કાયદેસર રીતે લાગુ કરી શકાય તેવો અધિકાર સ્થાપિત કરવામાં નિષ્ફળ ગયા છે.

# વેન્ડરના નામે કંપનીને ફેક ઈમેઈલ મોકલી ઠગબાજોએ ૧૦.૮૦ લાખનો ચૂનો લગાવ્યો

ગાંધીનગર,

ગાંધીનગરના સાંતેજ સ્થિત એક ફાર્મા અને ફૂડ્સ કંપની સાથે ઈમેઈલ આઈડીમાં ફેરાફાર કરી લાખો રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હોવાની ઘટના સામે આવી છે. અજાણ્યા ગઠિયાઓએ કંપનીના સત્તાવાર વેન્ડરના નામે ખોટો ઈમેઈલ કરી કુલ રૂ .૧૦.૮૦ લાખ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવી લેતા ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ મથકે ગૂનો નોંધવામાં આવ્યો છે.

કલોલ ખાતે રહેતા પવન સાહેબરાવ વાઘ સાંતેજમાં આવેલી શ્રી એડિટિવ્સ ફાર્મા એન્ડ ફૂડ્સ પ્રાઈવેટ લિમિટેડમાં ફાઈનાન્સ એન્ડ એકાઉન્ટ આસિસ્ટન્ટ મેનેજર તરીકે ફરજ બજાવે છે. તેમણે આ અંગે ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે. જે મુજબ કંપનીના નંદાસણ યુનિટના સેટઅપ માટે મુંબઈની ડિઝાઈન સંયોજક નામની ફર્મ સાથે કામકાજ ચાલતું હતું.

આ ફર્મના બાકી પેમેન્ટ માટે કંપનીના ફાઈનાન્સ ડાયરેક્ટર નીરાલીબેન પટેલ સાથે ઈમેઈલ પર વાતચીત ચાલી રહી હતી. દરમિયાન ૧૫ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ અસલ વેન્ડર જેવા જ દેખાતા ખોટા ઈમેઈલ આઈડી પરથી નીરાલીબેનને મેઈલ મળ્યો હતો. જેમાં જણાવાયું હતું કે ડિઝાઈન સંયોજક ફર્મનું બેંક એકાઉન્ટ હાલમાં ઓડિટમાં હોવાથી પેમેન્ટ અન્ય ખાતામાં કરવાનું રહેશે.

બાદમાં ગઠિયાઓએ શ્રી નમો એન્ટરપ્રાઈઝના નામે પંજાબ નેશનલ બેંકની વિગતો મોકલી આપી હતી અને કંપનીએ આ વિગતો સાચી માનીને ઈ઼જી દ્વારા ૧૦ લાખ ૮૦ હજાર ટ્રાન્સફર કરી દીધા હતા. જોકે દિવાળીની રજાઓ બાદ આસિસ્ટન્ટ મેનેજર પવન વાઘે વેન્ડર કંપનીના મેનેજર શ્રીધર દદનાલા સાથે વાત કરી ત્યારે જાણવા મળ્યું કે, તેમણે આવો કોઈ ઈ-મેઈલ મોકલ્યો નથી કે તેમનું કોઈ એકાઉન્ટ ઓડિટમાં નથી.

જે અંગે ઊંડાણ પૂર્વક તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે ઠગબાજોએ કંપનીના અને વેન્ડરના નામને મળતા આવતા અનેક ફેક ઈમેઈલ આઈડી બનાવ્યા હતા. ગઠિયાઓએ પેમેન્ટ મળ્યાના બીજા જ દિવસે એટલે કે ૧૬ ઓક્ટોબરના રોજ ચેક દ્વારા તમામ રકમ ઉપાડી લીધી હતી. આ મામલે સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર જાણ કર્યા બાદ ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# મિલકત ખરીદ્યા બાદ રેવન્યુ રેકર્ડમાં નામ ચડાવવાની પ્રક્રિયામાં થશે મોટો ફેરફાર

## મહેસૂલ વિભાગે સામાન્ય જનતા પાસે મંગાવ્યા સૂચનો




ગાંધીનગર,

રાજ્યના મહેસૂલ વિભાગ દ્વારા જમીન અને મિલકતના દસ્તાવેજ થયા બાદ રેવન્યુ રેકર્ડમાં પડતી વેચાણ નોંધ' (Property Mutation Entry) ની પ્રક્રિયાને વધુ સરળ, ઝડપી અને ભૂલરહિત બનાવવા માટે કવાયત હાથ ધરવામાં આવી છે. આ પ્રક્રિયામાં કયા પ્રકારના સુધારા કરવા જોઈએ તે માટે સરકારે રાજ્યના પ્રજાજનો પાસેથી મંતવ્યો અને મહેસૂલ વિભાગ દ્વારા જાહેર કરવામાં આવ્યું છે કે, કોઈપણ નાગરિક મિલકત હસ્તાંતરણ અને વેચાણ નોધની હાલની પ્રક્રિયામાં અનુભવાતી મુશ્કેલીઓ અને તેના ઉકેલ માટેના સૂચનો સરકારને મોકલી શકે છે. આ સૂચનોના આધારે આગામી સમયમાં મહેસૂલી નિયમોમાં ફેરફાર કે નવા પરિપત્રો બહાર પાડવામાં આવશે.

# બળાત્કાર-POCSOના કેસમાં ૬૦ દિવસમાં ચાર્જશીટ ફાઈલ કરવી પડશે

## મહિલાઓ અને સગીર બાળાઓ પર થતા અત્યાચારોના કિસ્સામાં પીડિતોને ત્વરિત ન્યાય અપાવવા માટે સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલ્વેઝ વિભાગનો મહત્વનો નિર્ણય

ગાંધીનગર,

રાજ્યમાં મહિલાઓ અને સગીર બાળાઓ પર થતા અત્યાચારોના કિસ્સામાં પીડિતોને ત્વરિત ન્યાય અપાવવા માટે સી.આઈ.ડી. (ક્રાઈમ અને રેલ્વેઝ) વિભાગે મહત્વનો નિર્ણય લીધો છે. પોલીસ મહાનિદેશક ડો. કે.એલ.એન. રાવ દ્વારા બહાર પાડવામાં આવેલા આદેશ અનુસાર હવેથી બળાત્કાર અને પોક્સો હેઠળના તમામ ગુનાઓની તપાસ ફરજિયાતપણે ૬૦ દિવસની અંદર પૂર્ણ કરી ચાર્જશીટ દાખલ કરવાની રહેશે.

ગુજરાત રાજ્યમાં મહિલાઓ અને સગીર બાળાઓ સામે થતા જાતીય અપરાધોને રોકવા અને પીડિતોને ઝડપી ન્યાય અપાવવા માટે પોલીસ વિભાગે કમર કસી છે. સી.આઈ.ડી. (ક્રાઈમ અને રેલ્વેઝ) વિભાગે મહત્વનો નિર્ણય લીધો છે. પોલીસ મહાનિદેશક ડો. કે.એલ.એન. રાવ દ્વારા તમામ પોલીસ કમિશનર અને જિલ્લા પોલીસ અધિક્ષકોને કડક સૂચના આપવામાં આવી છે કે મહિલા અને સગીર બાળા પરના બળાત્કારના ગુનાઓમાં હવેથી વધુમાં વધુ ૬૦ દિવસમાં તપાસ પૂર્ણ કરવાની રહેશે. નવા ફોજદારી કાયદા (BNSS) હેઠળ મહિલા સુરક્ષા માટે CID ક્રાઈમનો કડક પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ હેઠળ તપાસની ગુણવત્તામાં સુધારો કરવા માટે આ પગલું લેવાયું છે. કલમ ૧૯૩(૨) મુજબ જાતીય અપરાધોની એફ.આઈ.આર. નોંધાયાના બે મહિનાની અંદર તપાસ પૂર્ણ કરવી હવે પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારી માટે કાયદેસરની જવાબદારી બની ગઈ છે. રાજ્યના તમામ પોલીસ કમિશનર અને જિલ્લા પોલીસ વડાઓને આ બાબતે રિયલ-ટાઈમ મોનિટરિંગ કરવા સૂચના અપાઈ છે. ડિજિટલ પુરાવા અને ફોરેન્સિક પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. જેથી હવે ગુનાની સાબિતી માટે માત્ર નિવેદનો પૂરતા નહીં રહે. સાત વર્ષથી વધુની સજા હોય તેવા ગુનામાં ફોરેન્સિક નિષ્ણાતોની મુલાકાત અનિવાર્ય છે. ગુનાની તપાસની સમગ્ર પ્રક્રિયા અને પુરાવા એકત્ર કરવાની વિધિની વીડિયોગ્રાફી કરવી પડશે. જેથી કોર્ટમાં પુરાવા સાથે છેડછાડની શક્યતા ન રહે. આ સિવાય રાજ્યના તમામ પોલીસ મથકોએ ઈ-સ્થ્ર્ઝે પ્લેટફોર્મ પર કેસની વિગતો સમયસર અપડેટ કરવી પડશે. આ ડેટા સીધો

# ગેરકાયદે રેતી ભરી જતાં પાંચ ડમ્પર ઝડપાયા

## મહેસાણાના નુગર અને ઊંઝા રોડ પરથી દોઢ કરોડના મુદ્દામાલ જપ્ત કર્યો, ૨ લાખનો દંડ વસૂલી ત્રણ ડમ્પર છોડી મુક્યા

મહેસાણા,

મહેસાણા શહેરના સીમાડા પરના નુગર સર્કલ પાસેથી ખાણ ખનીજ વિભાગે ગેરકાયદે રેતી ચોરી જતાં ત્રણ ડમ્પર ઝડપી લીધાં હતા. તેવી જ રીતે ઊંઝા રોડ પરથી અનધિકૃત રેતી ખનિજ ભરી જતાં બે ડમ્પર ગાડી ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી હતી. આશરે દોઢેક કરોડ રૂપિયાના મુદ્દામાલને જપ્ત કરી ખનિજ અધિકારીઓએ ત્રણ વાહન માલિકો પાસેથી અંદાજીત બે લાખ રૂપિયાના દંડની વસૂલાત કરી ત્રણે ડમ્પર છોડી મૂક્યા હતા.

મહેસાણા શહેરના છેવાડા પર આવેલાં નુગર સર્કલ નજીક સ્થાનિક ભૂસ્તર અધિકારીઓ પેટ્રોલિંગ કરી રહ્યાં હતા. તે દરમિયાન રોયલ્ટી પરમીટ વગર સાદી રેતી ભરી જતાં ત્રણ ડમ્પરને ઝડપી પાડી નજીકના સ્ટોક યાર્ડમાં મુકાવી દીધાં હતા. જેમાં એક ડમ્પરમાં રોયલ્ટી પરમીટ વગર રેતી ખનિજ અને બે ડમ્પરમાં ઓવરલોડ રેતીનો જથ્થો ભર્યો હોવાનું માલુમ પડ્યું હતું. જેથી ત્રણેય ડમ્પર ગાડીને સ્ટોક યાર્ડ ખાતે મુકાવી દઈ તેના વાહન માલિકો સામે દંડનીય કાર્યવાહી હાથ ધરી હતી.દંડ ફટકારી તેની ઓનલાઈન રિકવરી આકી ભૂસ્તર ટીમે આશરે દોઢેક કરોડનો મુદ્દામાલ કબજે લઈ ઓવરલોડ રેતી ભરેલાં બે ડમ્પરના માલિકો પાસેથી રૂ.૧.૩૮ લાખનો દંડ વસૂલી બંને વાહનોને મુક્ત કર્યા હતા.

# અમદાવાદમાં સિવિક સેન્ટરમાં આધારકાર્ડ કાઢી આપવા ૩૨ હજારની લાંચ લેતા ત્રણ ઝડપાયા

## એસીબીએ ત્રણેય શખ્સની ધરપકડ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી

અમદાવાદ,

અમદાવાદના રખિયાલ વિસ્તારમાં આવેલા સિવિક સેન્ટર ખાતે આધાર કાર્ડ કઢાવી આપવાના બહાને રૂ.૩૨,૦૦૦ની લાંચ માંગવા અને સ્વીકારવા બદલ એન્ટી કરપ્શન બ્યુરોએ ત્રણ શખ્સની ધરપકડ કરી છે.

કેસમાં ફરિયાદ કરનાર ૩૬ વર્ષીય વ્યક્તિને લોન લેવા માટે તાત્કાલિક આધાર કાર્ડની જરૂર હતી. જોકે, તેમની પાસે આધાર કાર્ડ માટે અનિવાર્ય એવું જન્મનું પ્રમાણપત્ર નહોતું.

નિયમ મુજબ જન્મના દાખલા વગર નવું આધાર કાર્ડ નીકળી શકે નહીં, પરંતુ સિવિક સેન્ટરના સ્ટાફ દ્વારા એવી લાલચ આપવામાં આવી હતી કે જો તેઓ પૈસા આપે, તો જન્મના દાખલા કે એલ.સી. (LC) વગર પણ કાર્ડની પ્રક્રિયા 'મેનેજ' કરી આપવામાં આવશે. આ કામ માટે આરોપીઓએ કુલ રૂ. ૩૨,૦૦૦ની માંગણી કરી હતી.

ભાગ્યેશ સોલંકી નામના શખ્સે લાંચની માંગણી કરી હતી. ત્યારબાદ જય પંચોલી અને સંદીપ નામના શખ્સોએ આ રકમ સ્વીકારી હતી. ફરિયાદ મળતા જ એસીબીએ છટકું ગોઠવ્યું હતું અને આ ત્રણેય શખ્સોને રંગેહાથ લાંચ લેતા ઝડપી પાડ્યા હતા.હાલમાં આ કૌભાંડમાં અન્ય કોઈ અધિકારીઓ કે એજન્ટો સામેલ છે કે કેમ તે અંગે તપાસ ચાલી રહી છે.

# વિદ્યાનગરમાં સરદાર પટેલ યુનિ.માં એબીવીપી કાર્યકરોનો ભારે હોબાળો

## કુલપતિની ચેમ્બરને તાળાબંધી કરી નારા લગાવ્યા

આણંદ,

રાજકીય પક્ષ પ્રેરિત વિદ્યાર્થી સંગઠન એબીવીપી, આણંદના કાર્યકર્તાઓ દ્વારા શિક્ષણનગરી વિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સિટીને બે કલાક સુધી બાનમાં લઈ રામધૂન સાથે સૂત્રોચ્ચાર કરી વિરોધ વ્યક્ત કરવામાં આવતા યુનિવસટીની કામગીરીમાં ખલેલ પહોંચી હતી. એબીવીપીના કાર્યકર્તાઓ દ્વારા કુલપતિની ચેમ્બરને તાળાબંધી પણ કરવામાં આવી હતી. તેમજ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર યુનિવર્સિટી ખાતે આવતા પ્રવેશ દ્વાર પાસે દરવાજા બંધ કરી તેઓને અટકાવવામાં આવતા રજિસ્ટ્રારે પરત જવાની ફરજ પડી હતી.

રાજકીય પક્ષ પ્રેરિત એબીવીપી વિદ્યાર્થી સંગઠન દ્વારા ૧૫ દિવસ પૂર્વે પીએચડીની પ્રવેશ પ્રક્રિયા અને યુનિવર્સિટી સંલગ્ન વિવિધ હોસ્ટેલોમાં વિદ્યાર્થીઓને પડતી અગવડોને લઈ યુનિવર્સિટીમાં રજૂઆત કરવામાં આવી હતી. બાદમાં ગુરૂવારે બપોરે એબીવીપીના કાર્યકરોએ યુનિવર્સિટીને બાનમાં લેતા લગભગ બે કલાક સુધી હોબાળો મચાવ્યો હતો. યુનિવર્સિટીના કુલપતિને મળવાની માંગ સાથે સૌ પ્રથમ એબીવીપીના કાર્યકરોએ યુનિવર્સિટીના પ્રવેશદ્વાર ખાતે ધરણાં કરી રામધૂન યોજી હતી. લગભગ અડધો કલાક સુધી પ્રદર્શન કરવા છતાં યુનિવસટીના કુલપતિ ન આવતા જોશમાં આવી ગયેલા વિદ્યાર્થીઓ કુલપતિની ચેમ્બર સુધી ધસી ગયા હતા, જ્યાં તેઓએ ચેમ્બરને તાળાબંધી કરી રામધૂન સાથે ભારે સૂત્રોચાર કર્યો હતો.

# કરજણ હાઈવે પર ટ્રક પાછળ ખાનગી બસ ટકરાતા બે મુસાફરોના મોત

## બસમાં ફસાયેલા મુસાફરોને પતરા કાપીને બહાર કાઢવામાં આવ્યા

વડોદરા,

વડોદરા જિલ્લાના કરજણ નજીક નેશનલ હાઈવે-૪૮ પર આજે વહેલી સવારે એક ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો હતો. ઔરંગાબાદથી અમદાવાદ તરફ જઈ રહેલી ખાનગી બસ કરજણના ધાવટ ચોકડી બ્રિજ પાસે સાઈડમાં ઉભેલી ટ્રક સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતમાં ૨ વ્યક્તિઓના ઘટનાસ્થળે જ મોત નીપજયા છે, જયારે ૧૦થી વધુ મુસાફરો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.

અકસ્માત એટલો ભિષણ હતો કે, બસનો આગળનો ભાગ કચ્ચરઘાણ વળી ગયો હતો અને ૨૫ થી વધુ મુસાફરો અંદર ફસાઈ ગયા હતા. કરજણ ફાયર સ્ટેશનની ટીમે તાત્કાલિક પહોંચીને બસના પતરા કાપીને લોકોને બહાર કાઢ્યા હતા. બસમાં ફસાયેલા મૃતદેહો અને ઈજાગ્રસ્તોને બહાર કાઢ્યા હતા.

ઘટનાની જાણ થતા જ કરજણ પોલીસ, ૧૦૮ એમ્બ્યુલન્સ અને હાઈવે પેટ્રોલિંગની ટીમ દોડી આવી હતી. ૧૦ જેટલા ઈજાગ્રસ્ત લોકોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. કરજણ પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી અજાણ્યા વાહન ચાલક કે બેદરકારી અંગે તપાસ શરૂ કરી છે. આ અકસ્માતને પગલે હાઈવે પર થોડો સમય ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી, જે પોલીસે હટાવીને વાહન વ્યવહાર પૂર્વવત કર્યો હતો.

# ગુજરાતના પુર્વ ધારાસભ્યોને પેન્શન મળે તે માટે લડત ચલાવાશે

ગાંધીધામ,

રાજયના પુર્વ ધારાસભ્યોની તાજેતરમાં ગાંધીનગર ખાતે યોજાયેલી કાઉન્સીલની બેઠકમાં વિવિધ બાબતો અંગે વિસ્તૃતમાં ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. રાજયના પુર્વ નાણામંત્રી અને રાપરના પુર્વ ધારાસભ્ય બાબુભાઈ મેઘજી શાહે અધ્યક્ષ સ્થાનેથી સ્વાગત પ્રવચન આપતા કહ્યું હતુ કે પુર્વ ધારાસભ્યોએ રાજયના વિકાસમાં મહત્વપુર્ણ યોગદાન આપ્યું છે. મહામંત્રી ભીખાભાઈ પાબારીએ સંચાલન કર્યું હતું. જેમાં ગુજરાતના પુર્વ ધારાસભ્યોને દેશના અન્ય રાજયોની જેમ પેન્શન અને અન્ય સુવિધાઓ આપવા અંગે વિસ્તૃતમાં ચર્ચા વિચારણા



કરવામાં આવી હતી. ભરતભાઈ બારોટ( અમદાવાદ) , ધીરૂભાઈ ગજેરા (ઊસુરત ) પરબત ચાવડા ( જુનાગઢ), ડો. નિર્મલા વાસવાણી (અમદાવાદ), પુષ્પદાન ગઢવી (કચ્છ), જશુબેન કોરાટ (જેતપુર), મુળરાજસિંહ પરમાર (ગાંધીનગર), કરશનજી ઠાકોર, (મહેસાણા), પ્રો.શંકર રાઠવા, કેશાજી ઠાકોર, લક્ષ્મણ ભાઈ પટ્ટણી વિગેરેએ મંતવ્યો આપી પેન્શન અંગે સહમતી આપી હતી. પુર્વ ધારાસભ્ય વાલજીભાઈ દનીચાએ જણાવ્યું હતું કે પેન્શન મેળવવા તથા અન્ય રાજયોમાં મળતા પેન્શન અને અન્ય સુવિધાઓ છે તેના વિવિધ લેખીત પુરાવા સાથે રજુઆત કરવામાં આવી રહી છે. પેન્શન મેળવવા માટે લડત ચલાવવા માટે બેઠકમાં સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો હતો. ગુજરાતના પુર્વ ધારાસભ્યો આજે પણ સક્રીય રહીને રાજફના વિકાસમાં યોગદાન આપી રહ્યા છે અને આપશે તેવું જણાવ્હું હતું. બેઠકમાં કનુભાઈ, અરવિંદ પટેલ, ઈશ્વરભાઈ પટેલ, દિપસિંહ રાઠોડ, શિવજીભાઈ આહીર, મહેશકુમાર પટેલ, જશુભાઈ પટેલ, જયસિંહ ચૌહાણ, મહેન્દ્રસિંહ રહેવાર, ગોવિંદ માધવ, રમીલાબેન દેસાઈ, ટપ્પુભાઈ લિંબેસીયા, દિલુભા ચુડાસમા, વિગેરે ઉપસ્થિત રહ્યા હતાં. આરંભમાં દિવંગત ધારાસભ્યોને અંજલિ અપાઈ હતી.

# ગુજરાતમાં સહકારી મંડળીઓની ચૂંટણી ૬ મહિના માટે સ્થગિત

ગાંધીનગર,

ગાંધીનગર ખાતેથી ગુજરાતના સહકારી ક્ષેત્ર (Coope®aive Sector) સાથે જોડાયેલા લાખો લોકો અને રાજકીય આગેવાનો માટે એક મોટા સમાચાર સામે આવ્યા છે. રાજ્ય સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણય લઈને નિર્દિષ્ટ સહકારી મંડળીઓની વ્યવસ્થાપક કમિટીની ચૂંટણીઓ આગામી ૬ મહિના સુધી સ્થગિત (Postponed) કરી દીધી છે.

રાજ્યમાં ચાલી રહેલી 'SIR' (Special Investment Region) ની કામગીરીને ધ્યાનમાં રાખીને વહીવટી સરળતા માટે આ પગલું ભરવામાં આવ્યું છે.

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ મીડિયાને માહિતી આપતા જણાવ્યું હતું કે, હાલમાં સમગ્ર રાજ્યમાં SIR ની અત્યંત મહત્વપૂર્ણ કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. આ કામગીરીમાં મહેસૂલી તંત્ર (Revenue Department) અને વહીવટી સ્ટાફ સંપૂર્ણપણે રોકાયેલો છે. આવી સ્થિતિમાં સહકારી મંડળીઓની ચૂંટણીનું આયોજન કરવું વ્યવહારિક રીતે મુશ્કેલ હોવાથી, સરકારે ચૂંટણીઓ ન યોજવાનો નિર્ણય લીધો છે.

સરકારે આ અંગે સત્તાવાર જાહેરનામું (NOification) પણ બહાર પાડી દીધું છે. જે મુજબ, આ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી આગામી ૬ મહિના સુધી ચૂંટણીઓ યોજવામાં આવશે નહીં. આ નિર્ણયનો અમલ તાત્કાલિક અસરથી શરૂ થઈ જશે, જેથી વહીવટી તંત્ર પરનો બોજ હળવો કરી શકાય અને તેઓ જૈંઇ ની કામગીરીમાં ધ્યાન આપી શકે.

કાયદાકીય દ્રષ્ટિએ જોઈએ તો. 'ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧' (Guja®a Coope®aive Sociªies Act, 1961) ની કલમ-૧૬૧ હેઠળ મળેલી સત્તાની રૂએ આ નિર્ણય લેવાયો છે. આ નિર્ણય અંતર્ગત મંડળીઓને કલમ-૭૪ (C) અને કલમ-૧૪૫ (છ) થી (ઢ) સુધીની જોગવાઈઓમાંથી કામચલાઉ મુક્તિ આપવામાં આવી છે.

આ નિર્ણય રાજયની એવી તમામ નિર્દિષ્ટ સહકારી મંડળીઓને લાગુ પડશે જેની ચૂંટણી પ્રક્રિયા (Election Process) હાલ ચાલુ છે અથવા આગામી ટૂંક સમયમાં યોજાવાની હતી. એટલે કે, જે મંડળીઓમાં ચૂંટણીનો ધમધમાટ શરૂ થયો હતો. ત્યાં હવે બ્રેક લાગી જશે અને ઉમેદવારોએ રાહ જોવી પડશે.

જોકે, સરકારે આ આદેશમાં એક મહત્વનો અપવાદ (Exception) પણ રાખ્યો છે. સ્પષ્ટતા કરવામાં આવી છે કે જે સહકારી મંડળીઓની ચૂંટણી અંગે નામદાર હાઈકોર્ટ કે અન્ય કોર્ટ (Court Order) નો હુકમ હોય અથવા ન્યાયિક પ્રક્રિયા હેઠળ ચૂંટણી યોજવાનો આદેશ હોય, તેવી મંડળીઓને આ મુક્તિ લાગુ પડશે નહીં. ત્યાં ચૂંટણી રાબેતા મુજબ યોજાશે.

આ નિર્ણયને કારણે હાલ પૂરતું રાજયનું સહકારી રાજકારણ શાંત પડશે. હવે આગામી છ મહિના સુધી ચૂંટણીલક્ષી પ્રવૃત્તિઓ બંધ રહેશે, અને વહીવટી તંત્ર સંપૂર્ણપણે SIR ના પ્રોજેક્ટ અને અન્ય વિકાસના કામો પર ધ્યાન કેન્દ્રિત કરી શકશે.

CMYK

# મોંઘીદાટ આરોગ્ય સારવારથી મળી મુક્તિ : અમરેલી જિલ્લામાં ૧૩,૫૦૦ દર્દીઓ માટે સંજીવની બન્યું આયુષ્માન કાર્ડ

## "પ્રધાનમંત્રી જન આયોગ્ય યોજના"ની કમાલ : રૂ. ૧૬.૯૯ કરોડના ખર્ચે જિલ્લાના હજારો લોકોએ મેળવી નિ:શુલ્ક આરોગ્ય સારવાર

## અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૨૪-૨૫માં (ચાલુ વર્ષે) કુલ ૫૩,૭૦૨ નવા આયુષ્માન કાર્ડનું વિતરણ : વંચિત, ગરીબોને મળ્યું આરોગ્ય કવચ

અમરેલી:ભારત સરકારની આરોગ્યલક્ષી 'પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના' (PM-JAY) અમરેલી જિલ્લાના સામાન્ય નાગરિકો માટે આર્થિક રાહત અને શ્રેષ્ઠ સારવારનું માધ્યમ બની છે. જિલ્લા વહીવટી તંત્રના સઘન પ્રયાસોને પરિણામે ચાલુ વર્ષ દરમિયાન આરોગ્ય ક્ષેત્રે અભૂતપૂર્વ સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે.

'આયુષ્માન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના' એ વિશ્વની સૌથી મોટી જાહેર આરોગ્ય યોજના અને આરોગ્ય કવચ છે. પાત્રતા ધરાવતા નાગરિકોને આ યોજના અન્વયે રૂ. ૧૦ લાખનું આરોગ્ય કવચ પ્રદાન કરવામાં આવે છે. આયુષ્માન કાર્ડ થકી સામાન્ય નાગરિકો સરળતાથી વિના વિલંબ વિવિધ પ્રકારની આરોગ્ય સારવાર મેળવી શકે છે.

ચાલુ વર્ષે અમરેલી જિલ્લામાં ૧૩,૫૦૦ દર્દીઓ માટે 'આયુષ્માન કાર્ડ' સંજીવની બન્યું છે. 'પ્રધાનમંત્રી જન




આરોગ્ય યોજના' હેઠળ આ તમામ નાગરિકોને કુલ મળીને રૂ. ૧૬.૯૯ કરોડના ખર્ચે નિ:શુલ્ક આરોગ્ય સારવાર આપવામાં આવી છે. જિલ્લામાં વર્ષ ૨૦૨૪-૨૫માં (ચાલુ વર્ષે) કુલ ૫૩,૭૦૨ નવા 'આયુષ્માન કાર્ડ'નું વિતરણ કરવામાં આવ્યું છે, આમ વંચિત, ગરીબોને આરોગ્ય કવચ સરળતાથી મળ્યું છે.

મોંઘીદાટ આરોગ્ય સારવાર ગરીબ પરિવાર, વંચિતો અને સામાન્ય નાગરિકો માટે પહોંચની બહાર હોય છે. આરોગ્ય ક્ષેત્ર સતત અને અવિરત વિસ્તરી રહ્યું છે. સામાન્યમાં સામાન્ય નાગરિકને સરળતાથી કેશલેસ સારવાર મળે અને સમગ્ર પરિવારને આરોગ્ય કવચનો લાભ મળે તે પ્રકારે ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૮માં 'પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના' શરૂ કરવામાં આવી હતી.

જિલ્લાના જે નાગરિકો પાસે હજુ આયુષ્માન કાર્ડ નથી, તેઓ નજીકની સરકારી હોસ્પિટલ અથવા Common Service Center (CSC) પર જઈ જરૂરી દસ્તાવેજો સાથે નોંધણી કરાવી શકે છે. યોજના અંતર્ગત આવતી હોસ્પિટલોની યાદી સ્ત્નછ૭રૂ ની સત્તાવાર વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

### "બેટી બચાવો, બેટી પઢાઓ" યોજના

# જિલ્લા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને 'કોફી વીથ કલેક્ટર' કાર્યક્રમ યોજાયો

અમરેલીઃ અમરેલી જિલ્લા સેવા સદન ખાતે "બેટી બચાવો, બેટી પઢાઓ" યોજના હેઠળ જિલ્લા કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને 'કોફી વીથ કલેક્ટર' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતી દીકરીઓ સાથે જિલ્લા કલેક્ટરશ્રીએ પ્રેરણાત્મક સંવાદ સાધ્યો હતો.




કેન્દ્ર સરકાર અને રાજય સરકાર દ્વારા આયોજિત વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં દીકરીઓ ભાગ લે ઉપરાંત પરીક્ષાઓમાં સફળતા પ્રાપ્ત કરી શકે તે માટે જિલ્લા કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજ દ્વારા વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટરશ્રીના હસ્તે લાભાર્થીઓને દીકરી વધામણા કીટ, હાઈજીન કીટ, શિક્ષણ કીટ, વ્હાલી દીકરી યોજના હેઠળ મંજૂરી હુકમનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. સાથે સરકારની વિવિધ લોક કલ્યાણલક્ષી અને મહિલાલક્ષી યોજનાઓ વિષયક માહિતી આપવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, સમગ્ર કાર્યક્રમ જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી દ્વારા યોજાયો હતો.

# કોડીનારના ઘાટવડમાં ૧૩૦૦ મતદારોને નોટિસ

## SIR પ્રક્રિયામાં એક દિવસની સુનાવણીથી લોકશાહી અધિકાર પર સંકટ

ગીર સોમનાથ:કોડીનાર તાલુકાના ઘાટવડ ગામમાં ચાલી રહેલી SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) પ્રક્રિયાને કારણે ગ્રામજનોમાં ભારે ચિંતાનો માહોલ સર્જાયો છે. મતદાર યાદીમાં નામ સંબંધી વિસંગતતાના આધારે અંદાજે ૧૩૦૦ જેટલા મતદારોને નોટિસો આપવામાં આવી છે, પરંતુ સુનાવણી માટે માત્ર એક જ દિવસ ફાળવવામાં આવતા ગ્રામજનોમાં અસંતોષ અને રોષ જોવા મળી રહ્યો છે.

ઘાટવડ ગ્રામ પંચાયતના સદસ્ય અલ્તાફ ટાઈલી અને અગ્રણી મહાવીરસિંહ ઝાલા સહિત સ્થાનિક મતદારોએ જણાવ્યું કે હાલ લગ્નની સિઝન ચાલી રહી છે. ઘણા લોકો ખેતમજૂરી, ખેતી અને દૈનિક રોજગારમાં વ્યસ્ત છે. આવી સ્થિતિમાં એક જ દિવસમાં તમામ જરૂરી દસ્તાવેજો એકત્ર કરીને રજૂ કરવા વ્યવહારુ નથી. ગ્રામજનો સ્પષ્ટપણે કહી રહ્યા છે કે, "દસ્તાવેજો રજૂ કરવામાં અમને વાંધો નથી, પરંતુ સમય જ નથી આપતા."

સમયના અભાવને કારણે જો કોઈ મતદાર જરૂરી દસ્તાવેજી પુરાવા રજૂ ન કરી



શકે તો તેનું નામ મતદાર યાદીમાંથી કપાઈ જવાની ભીતિ છે. આનાથી અનેક નાગરિકો તેમના મૂળભૂત લોકશાહી અધિકાર, એટલે કે મતાધિકારથી વંચિત થવાની આશંકા અનુભવી રહ્યા છે. ગામમાં "દસ્તાવેજો છે, ઈરાદો પણ છે, પણ સમય નથી" તેવો રોષભર્યો સૂર સંભળાઈ રહ્યો છે.

આ સમગ્ર પ્રક્રિયાનો ભાર માત્ર નાગરિકો પર જ નહીં, પરંતુ બૂથ લેવલ ઓફિસર પર પણ વધી રહ્યો છે. ઓછા સમયમાં મોટી સંખ્યામાં કેસોનો નિકાલ કરવાની જવાબદારીને કારણે BLOs પર ભારે દબાણ સર્જાયું છે. આ ઉપરાંત, વારંવારની SIR અને સપ્લીમેન્ટરી કામગીરીને કારણે શાળાઓમાં અભ્યાસ સમય પણ ઘટી રહ્યો છે. કેટલાક સ્થળોએ વિદ્યાર્થીઓને પણ આ કામગીરીમાં જોડવામાં આવતા હોવાના આક્ષેપો સામે આવ્યા છે, જેના કારણે વાલીઓ અને શિક્ષકોમાં રોષ છે.

ઘાટવડ ગ્રામ પંચાયતના સદસ્ય અલ્તાફ ટાઈલી અને અગ્રણી મહાવીરસિંહ ઝાલા સહિત ગામના મતદારો અને સ્થાનિક આગેવાનોની એકસૂર માંગ છે કે સુનાવણી માટે વધુ દિવસો ફાળવવામાં આવે. નોટિસ પ્રાપ્ત તમામ નાગરિકોને પૂરતો સમય અને તક આપવામાં આવે જેથી કોઈ પણ નાગરિક માત્ર પ્રક્રિયાની તાકીદને કારણે પોતાના મતાધિકારથી વંચિત ન રહે.

ઘાટવડ ગામની પરિસ્થિતિ માત્ર એક ગામ પૂરતી સીમિત નથી, પરંતુ તે લોકશાહી પ્રક્રિયામાં માનવ સંવેદના, સમય વ્યવસ્થા અને ન્યાયસંગત અભિગમની આવશ્યકતાનું જીવંત ઉદાહરણ બની છે. હવે જોવાનું રહ્યું કે સરકાર અને સંબંધિત વિભાગો આ વધતા જનઆક્રોશને કેટલી ગંભીરતાથી લે છે અને લોકોનો લોકવિશ્વાસ જાળવી શકે છે કે નહીં.

# વેરાવળમાં કોંગ્રેસનો નગરપાલિકા સામે ઉગ્ર હલ્લાબોલ

## ધારાસભ્ય ચુડાસમાની આગેવાનીમાં ૬૦૦થી વધુ ફરિયાદો સુપ્રત

ગીર સોમનાથ:વેરાવળ શહેરમાં લાંબા સમયથી ચાલી રહેલી નાગરિક સમસ્યાઓ સામે આજે અસંતોષ જોવા મળ્યો હતો. વેરાવળ નગરપાલિકા ખાતે કોંગ્રેસ દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું. શહેરના બિસ્માર રોડ-રસ્તા, ગંદકી, ડ્રેનેજ, પીવાના પાણી અને અન્ય પ્રાથમિક સુવિધાઓના અભાવને લઈને કોંગ્રેસના કાર્યકરો સાથે મોટી સંખ્યામાં નાગરિકોએ વિરોધ નોંધાવ્યો હતો.આ વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ ધારાસભ્ય વિમલ ચુડાસમાએ કર્યું હતું. તેમની આગેવાનીમાં કોંગ્રેસના કાર્યકરો અને નાગરિકોએ રેલી કાઢી નગરપાલિકા કચેરી સુધી પહોંચી ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા. નગરપાલિકા કચેરી આસપાસ થોડા સમય માટે ભારે ગહમાગહમીનો માહોલ સર્જાયો




હતો.વિરોધ પ્રદર્શન દરમિયાન કોંગ્રેસ દ્વારા ૬૦૦થી વધુ નાગરિક ફરિયાદોના પોટલાં નગરપાલિકા પ્રમુખ અને ચીફ ઓફિસરને સુપ્રત કરવામાં આવ્યા. આ ફરિયાદોમાં મુખ્યત્વે શહેરના વિવિધ વિસ્તારોમાં ખાડાવાળા રોડ, નિયમિત સફાઈનો અભાવ, કચરાના ઢગલા, ઉભરાતી ગટરો, પીવાના પાણીની અનિયમિતતા અને સ્ટ્રીટલાઈટ જેવી સુવિધાઓના અભાવનો ઉલ્લેખ હતો.

કોંગ્રેસ ધારાસભ્ય વિમલ ચુડાસમાએ જણાવ્યું કે, વેરાવળના નાગરિકો નિયમિત રીતે ટેક્સ ભરે છે, છતાં તેમને મૂળભૂત સુવિધાઓ માટે સંઘર્ષ કરવો પડી રહ્યો છે. વારંવાર રજૂઆત છતાં કોઈ નક્કર ઉકેલ આવ્યો નથી. નગરપાલિકા તંત્રની બેદરકારી હવે સહનશક્તિ બહાર છે.

તેમણે સ્પષ્ટ ચીમકી આપી હતી કે જો નગરપાલિકા દ્વારા વહેલી તકે તમામ પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ નહી લાવવામાં આવે, તો આ મુદ્દો આગામી સમયમાં વિધાનસભાના ગૃહમાં ઉઠાવવામાં આવશે અને સરકારનું ધ્યાન દોરવામાં આવશે.

વિરોધ પ્રદર્શન દરમિયાન નગરપાલિકા પ્રમુખ પલ્લવીબેન જાનીએ કોંગ્રેસ દ્વારા આપવામાં આવેલ આવેદનપત્ર સ્વીકાર્યું હતું. તેમણે જણાવ્યું કે, નગરપાલિકાને મળેલી તમામ રજૂઆતો પર ગંભીરતાથી વિચારણા કરવામાં આવશે અને શક્ય તેટલી વહેલી તકે સમસ્યાઓના નિરાકરણ માટે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે વેરાવળ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી નાગરિક સુવિધાઓને લઈને અસંતોષનો માહોલ છે. આજે થયેલ કોંગ્રેસનું આ વિરોધ પ્રદર્શન એ સ્પષ્ટ સંકેત આપે છે કે જો તંત્ર દ્વારા તાત્કાલિક પગલાં લેવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં આંદોલન વધુ ઉગ્ર બની શકે છે.

# પ્રાકૃતિક કૃષિમાં કુદરતી ચક્ર એવાં જળચક્ર, ખાદ્યચક્ર અને નાઈટ્રોજન ચક્રની મહત્વની ભૂમિકા

## જળચક્ર : વરસાદી પાણીનો મોટો જથ્થો જમીનમાં ઊંડે સુધી ઉતરે અને સંગ્રહ થાય, સંગ્રહિત પાણીમાં જમીનમાં રહેલા પોષક તત્વો અને ખનીજો દ્રાવ્ય થાય




અમરેલી:પ્રાકૃતિક ખેતીમાં મુખ્ય ખેતી પાકની સાથે સહજીવી પાક ઉગાડવામાં આવે છે, આવા ખેતી પાકો એકબીજાને પોષણ આપે છે. મુખ્ય ખેતી પાકનો ઉત્પાદન ખર્ચ સહજીવી પાકના ઉત્પાદન અને આવકથી નીકળી જાય છે, બોનસના રૂપમાં મુખ્ય પાક મળે છે, જેનાથી ખેડૂતોને ખેતી ખર્ચ બહુ જ ઓછો થઈ જાય છે. મહત્વનું છે કે, પ્રાકૃતિક ખેતીમાં ખેતી પાકને વૃદ્ધિ માટે અને ઉત્પાદન લેવા માટે જે-જે સંસાધનોની જરૂરિયાત પડે છે તે બધા ઘરમાં જ ઉપલબ્ધ થાય છે, પ્રાકૃતિક ખેતીનો નારો છે. "ગામનો પૈસો ગામમાં અને શહેરનો પૈસો પણ ગામમાં" .

પ્રાકૃતિક કૃષિમાં કુદરતી ચક્ર એવાં જળચક્ર, ખાદ્યચક્ર અને નાઈટ્રોજન ચક્રની મહત્વની ભૂમિકા છે.

જળચક્ર : જમીન તથા સમુદ્રમાં રહેલું પાણી બાષ્પીભવનથી વરાળ રૂપે આકાશમાં જાય છે. વાતાવરણ ઠંડુ થતા આ વરાળ હવામાં રહેલા રજકણો ફરતે પાણીનાં બુંદ બનાવે છે. જે વરસાદ સ્વરૂપે જમીન પર આવે છે. પ્રાકૃતિક ખેતીમાં સેન્દ્રિય પદાર્થો અને સૂક્ષ્મ જીવાણુઓની ગતિવિધિના કારણે જમીનની ભૌતિક સ્થિતિમાં સુધારો થાય છે. જમીન છિદ્રાળુ અને ભરભરી બને છે. આ કારણે વરસાદના પાણીનો મોટો જથ્થો જમીનમાં ઊંડે સુધી ઉતરે અને સંગ્રહ થાય, સંગ્રહિત પાણીમાં જમીનમાં રહેલ પોષક તત્વો અને ખનીજો દ્રાવ્ય થાય છે. ઉનાળામાં અથવા જ્યારે ઉપરની જમીનમાં પાણીની અછત સર્જાય ત્યારે નીચેનું સંગ્રહિત પાણી કેશાકર્ષણ દ્વારા દ્રાવ્ય થયેલ પોષક તત્વો સાથે મૂળ પ્રદેશમાં આવે છે અને છોડને જરૂરી ભેજ અને પોષકતત્વો પૂરાં પાડે છે. આમ, જળ વ્યવસ્થાપનના કારણે અતિવૃષ્ટિમાં પાકને નુકનાન નથી થતું, અછતના સમયે છોડને જરુરી ભેજ મળી રહે છે.

ખાદ્યચક્ર : છોડના બંધારણમાં કાર્બન, હાઈડ્રોજન અને ઓક્સિજન (કાર્બોદિત પદાર્થો)નો હિસ્સો ૯૫ થી ૯૬ ટકા જેટલો છે. જેનું નિર્માણ સૂર્યપ્રકાશની હાજરીમાં પ્રકાશસંશ્લેષણની પ્રક્રિયા દ્વારા છોડના પર્ણમાં પાણી અને હવામાં રહેલ કાર્બન ડાયોક્સાઈડના સંયોજનથી થાય છે. આથી, પાણી, હવા અને સૂર્યપ્રકાશનું જરુરીયાત મુજબનું વ્યવસ્થાપન થાય તો છોડની ૯૫ ટકા જરુરિયાત સંતોષાય છે. પ્રાકૃતિક કૃષિમાં વાપ્સા, આચ્છાદન અને મિશ્રપાક પદ્ધતિના આયામોથી આવું જરુરી વ્યવસ્થાપન થાય છે.

નાઈટ્રોજનચક્ર : પાકની વૃદ્ધિ માટે નાઈટ્રોજન તત્વ આવશ્યક છે. હવામાં ૭૮ ટકા નાઈટ્રોજન રહેલો છે. છોડને નાઈટ્રોજન બે પ્રક્રિયાઓ દ્વારા પ્રાપ્ત થાય છે. જ્યારે આકાશમાં વીજળી થાય છે ત્યારે ટનબંધ નાઈટ્રોજન પાણીમાં દ્રાવ્ય થઈ વરસાદના પાણી દ્વારા જમીનને મળે છે. જમીનમાં સૂક્ષ્મ જીવાણું દ્વારા નાઈટ્રોજનનું સ્થાપન તથા છોડને જરુરી સ્વરુપમાં પરિવર્તન થાય છે. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિમાં નાઈટ્રોજન ચક્રના કારણે પાકને બહારથી અન્ય કોઈ ખાતર આપવાની જરૂરિયાત રહેતી નથી.

## ખાદ્યચક્ર : છોડના બંધારણમાં કાર્બન, હાઈડ્રોજન અને ઓક્સિજનનો હિસ્સો અંદાજે ૯૬ ટકા,નાઈટ્રોજન ચક્ર : પાકની વૃદ્ધિ માટે મહત્વનું ચક્ર, હવામાં ૭૮ ટકા નાઈટ્રોજનની હાજરી

# ઉનાના શિક્ષક દંપતીનું શ્રેષ્ઠ BLO તરીકે સન્માન

કૈલૈશ ભટ્ટ ઉના:

રાષ્ટ્રીય મતદાતા દિવસ નિમિત્તે ગીર સોમનાથ જિલ્લાના શ્રેષ્ઠ BLO તરીકે ઉનાના શિક્ષક દંપતી મોરી અસ્મિતાબેન બાલુભાઈ અને જાદવ જયેશભાઈ લખમણભાઈનું સન્માન કરવામાં આવ્યું. આ સન્માન ગીર સોમનાથ કલેક્ટર એન. વી. ઉપાધ્યાયના હસ્તે સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં કરાયું હતું. મોરી અસ્મિતાબેન બાલુભાઈને આમોદ્રા-૧ ભાગ માટે અને જાદવ જયેશભાઈ લખમણભાઈને સુલતાનપુર ગામ માટે તેમની ઉત્કૃષ્ટ કામગીરી બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા.આ કાર્યક્રમમાં જિલ્લાના શ્રેષ્ઠ BLO શ્રેષ્ઠ સેક્ટર ઓફિસર અને વયોવૃદ્ધ મતદારો સહિતના મહાનુભાવોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કલેક્ટર એન. વી. ઉપાધ્યાયે બન્ને BLOને SIR (Special Summary Revision) જેવી રાષ્ટ્રીય ફરજની કામગીરી સમયમર્યાદામાં સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

**જિલ્લા પંચાયત અમરેલી**

**ઓનલાઈન જાહેર નિવિદા નં ૧૨/ ૨૦૨૫-૨૬(બીજો પ્રયત્ન)**

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતિ નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, નાની સિંચાઈ પંચાયત પેટા વિભાગ, અમરેલી ફોન નંબર ૦૨૭૯૨-૨૨૪૮૦૦ ની કચેરી દ્વારા યોગ્ય કક્ષામાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી નીચે જણાવેલ કામોનાં ઓનલાઈન ટેન્ડરો માંગવામાં આવે છે. જેની વિગતો નીચે મુજબ છે. તેમજ વિગતવાર માહિતી વેબસાઈટ http//:www.tender.nprocure.comતથાwww.statetenders.gujarat.gov.inઉપરથી જોવા મળશે. ઈજારદારશ્રીઓએ તમામ ડોક્યુમેન્ટ સ્કેન કરી ઓનલાઈન મુકવાનાં રહેશે.

(૧)અપલોડ કરવાની છેલ્લી તારીખ: ૧૦/૦૨/૨૦૨૬,૧૮=૦૦ કલાક સુધી

(૨)ટેન્ડર ફી, અર્નેસ્ટ મની ડીપોઝીટ તેમજ સાધનીક કાગળો રજુ કરવાની છેલ્લી તારીખ ૧૭/૦૨/૨૦૨૬, ૧૮=૦૦ કલાક સુધી

(૩)ટેન્ડર ખોલવાની તારીખ:૧૧/૦૨/૨૦૨૬, ૧૨=૦૦ કલાકે ના.કાઈ.શ્રી,ના.સિ.પં.પે.વિભાગ, અમરેલી ખાતે.

જિમાક/અમર/પજક/૨૫

# સોમનાથ સાથેના ગાંધીજીના અનેક અદ્દભૂત સંભારણાં

## ગાંધીજીએ સોમનાથ મંદિરનું નિર્માણ ટ્રસ્ટ રચી લોકફાળાથી કરવા કહ્યું હતું

પ્રભાસપાટણ:

દેશને આઝાદી અપાવવામાં મહત્વનું યોગદાન આપનારા મહાત્મા ગાંધીજીની આજે પુણ્યતિથિ છે. ગાંધી નિર્વાણ દિને એ જાણવું રસપ્રદ થશે કે સોમનાથ મહાદેવ મંદિરનો જિર્ણોદ્ધાર કરવા સરદાર પટેલે દ્રઢ સંકલ્પ કર્યો તેમાં સરકારની મંજૂરી પણ મળી ગઈ હતી. આમ છતાં સરદાર પટેલે ગાંધીજીનું માર્ગદર્શન માગ્યું હતું. એ વખતે ગાંધીજીએ કહ્યું હતું કે આ મંદિર લોકફાળાથી બને અને એની દેખરેખ તેમજ અમલ માટે ટ્રસ્ટની રચના કરવામાં આવે. આ સૂચન સરદાર પટેલે શિરોમાન્ય રાખ્યું અને સોમનાથ ટ્રસ્ટની રચના કરવામાં આવી હતી.




ગાંધીજીની દીર્ઘ દ્રષ્ટિ અને ભાવિ સંકેતથી સોમનાથ મંદિર નિર્માણકાર્ય સુયોગ્ય રીતે પરિપૂર્ણ થયું હતું. જો કે સરદાર કે ગાંધીજી આ નૂતન મંદિરને જોઈ શક્યા ન હતા. ગાંધીજીના વેરાવળ સોમનાથ ખાતેના સંસ્મરણો અનેક છે. ગાંધીજી રાષ્ટ્રપિતા ન હતા એ વખતે વડિયા દરબાર અને વાળા બાવા તેમજ સુમરીબાઈના કેસ અંગે એડવોકેટ તરીકે ૧૯૦૨માં તા. ૩-૪-૫ એપ્રિલે વેરાવળ પોલિટિકલ એજન્ટની કોર્ટમાં આવ્યા હતા. તા.૬ના રોજ વેરાવળથી રાજકોટ જવા નીકળ્યા હતા. ગાંધીજીના નિર્વાણ બાદ તા. ૧૨ ફેબ્રુઆરી ૧૯૪૮ના રોજ પ્રભાસના પવિત્ર ત્રિવેણી સંગમમાં રામધૂન સાથે અસ્થિ વિસર્જન કરવામાં આવ્યા હતા. ગાંધીજીના દેહાંતના રેડિયો ન્યુઝ લોકોએ રેડિયો પરથી સાંભળ્યા ત્યારે શોકમગ્ન થઈ ગયા હતા. અસ્થિકળશ વેરાવળથી સોમનાથ પહોંચ્યો ત્યારે 'ગાંધીજી અમર રહો'ના ગગનભેદી નારાઓ લાગ્યા હતા.

# પાલીતાણાના શત્રુંજયગિરિના દાદાના દરબારના વીડિયો તથા ફોટોગ્રાફી સંદર્ભે સ્પષ્ટીકરણ

રાજકોટ:પવિત્ર યાત્રાધામ પાલીતાણાના શત્રુંજય ગિરિના દાદાના દરબારમાં આણંદજી કલ્યાણજી પેઢી દ્વારા શત્રુંજય તીર્થ, ગિરનાર તીર્થ તથા રાણકપુર તીર્થ માટે લખનૌની કંપનીને ફોટોગ્રાફી તથા વીડિયોગ્રાફીનો કોન્ટ્રાકટ અપાયો હતો.જેમાં તા.૭મીના મંગળવારે વિધર્મી ફોટોગ્રાફરોએ અણછાજતી હરકતો સાથે ફોટોગ્રાફી- વીડિયો ઉતારતા સમસ્ત જૈન સમાજમાં આક્રોશ વ્યાપેલો હતો. અને સોશ્યલ મીડિયા દ્વારા આ ઘટનાની જાણ સમસ્ત જૈન સમાજને થતા ઉહાપોહ મચ્યો છે અને તેને સંબંધિત સમાચારો પ્રસિધ્ધ થયા હતા.આ અંગે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ ઉપરોકત ઘટના સંદર્ભે સ્પષ્ટીકરણ કરેલ છે. શેઠ આ.ક. પેઢીદ્વારા સ્પષ્ટતા



તા.૨૭મીના મંગળવારના શાશ્વત ગિરિરાજ શ્રી શત્રુંજય મહાતીર્થ ઉપર મૂળનાયક શ્રી આદીશ્વર પરમાત્માના દેરાસરના ગભારામાં જે ઘટના બની છે તેની વાસ્તવિકતા નીચે પ્રમાણે છે.પુષ્પેન્દ્ર શર્મા (જાતિ બ્રાહ્મણ) નામના ફોટોગ્રાફર સ્નાન કરીને પૂજાના વોમાં મુખકોષ બાંધીને ગભારામાં ગયા હતા અને પેઢીની મંજુરીને આધિન ફોટોગ્રાફી/ વિડિયોગ્રાફી કરી હતી. આ અંગેના તમામ સીસી ટીવી પુરાવા પેઢી પાસે છે, સોશ્યલ મીડિયામાં ફરતા ફોટાઓ એ.આઈ. જનરેટેડ છે તથા સોશ્યલ મીડિયામાં ફરતા મેસેજીસ (લખાણ) પણ સત્યથી તદ્દન વેગળા છે.

મહેરબાની કરીને આનાથી કોઈએ ગેરમાર્ગે દોરાવવું નહી. આમ છતાંએ કોઈની ભાવનાઓને ઠેસ પહોંચી હોય તો પેઢી સકળ શ્રીસંઘને 'મિચ્છા મિ દુકકડં' પૂર્વક સ્પષ્ટતા કરે છે તેમ આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ સંવેગ લાલભાઈએ જણાવેલ છે.

**ઓનલાઈન જાહેર નિવિદા નં.૩૩ સને.૨૦૨૫–૨૬**

**પંચાયત માર્ગ અને મકાન વિભાગ જિ.પં. અમરેલી**

કાર્યપાલક ઇજનેરશ્રી પંચાયત મા.મ. વિભાગ, અમરેલી. (ફોન.નં.૦૨૭૯૨ ૨૨૨૧૧૨) દ્વારા ગુજરાત સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ તરફથી યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારો પાસેથી સરકારશ્રીની RGSA,CDP-5 નાં પેકેજ-૫, કામો-૧૦૩, અંદાજીત રકમ રૂા.૧૩૦.૭૮ લાખના કામો માટે ઈ-ટેન્ડર દ્વારા ભાવો માંગવામાં આવે છે. જેની વિગત નીચે મુજબ છે તેમજ વિગતવાર માહિતી આ કચેરીનાં નોટીસ બોર્ડ તેમજ,www.tender.nprocure.com, તથા www.statetenders.gujarat.gov.in ઉપરથી જોવા મળશે. (૧) ઓનલાઈન ટેન્ડર રજુ કરવાની છેલ્લી તા.૦૯/૦૨/૨૦૨૬ ૧૮.૦૦ કલાક સુધી (૨) અર્નેસ્ટમની ડીપોઝીટ રજુ કરવાની તા.૧૦/૦૨/૨૬ થી તા.૧૮/૦૨/૨૬ (૩) ટેન્ડર ખોલવાની તા.૧૦/૦૨/૨૬ ૧૨.૦૦ કલાક

કાર્યપાલક ઇજનેર

માહિતી/અમર/ /૨૫ પંચાયત મા.મ. વિભાગ, અમરેલી

સૌરાષ્ટ્ર આસપાસ

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)

## સૌરાષ્ટ્ર આસપાસ

# વિકાસ સાથે સ્વાસ્થ્યની ચિંતા

આર્થિક સર્વે સામાન્ય રીતે બજેટના એક દિવસ પહેલા રજૂ થતો રહ્યો છે. પરંતુ આ વખતે તે ત્રણ દિવસ પહેલા આવ્યો છે. સમય કરતાં પહેલો આ સર્વે માત્ર આંકડાઓ માટે નહીં, પરંતુ તેના અભિગમ માટે પણ ચર્ચામાં છે. પહેલી વાર એવું લાગ્યું છે કે સરકાર અર્થતંત્રની સાથે સમાજના સ્વાસ્થ્યને પણ ગંભીરતાથી જોવાની કોશિશ કરી રહી છે. દેશની વૃદ્ધિ કેટલી છે તે જેટલું મહત્વનું છે, તેટલું જ મહત્વનું છે કે નાગરિકો કેટલા સ્વસ્થ છે.આર્થિક સર્વેક્ષણ ૨૦૨૫-૨૬માં દેશના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. ખાસ કરીને જંક ફૂડના વધતા વપરાશને લઈને ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. વધારે ચરબી, મીઠું અને ખાંડ ધરાવતા ખોરાક લોકોના જીવનમાં સામાન્ય બની ગયા છે. શહેરોમાં તો જ નહીં, ગામડાઓમાં પણ પેકેટવાળા ખોરાક ઝડપથી પહોંચ્યા છે. આ ખોરાક તાત્કાલિક સુખ આપે છે, પરંતુ લાંબા ગાળે રોગો આપે છે.સર્વેમાં સૂચન કરવામાં આવ્યું છે કે સવારે છ વાગ્યાથી રાત્રે અગિયાર વાગ્યા સુધી જંક ફૂડની જાહેરાતો પર પ્રતિબંધ હોવો જોઈએ. આ સૂચન સામાન્ય નથી. કારણ કે જાહેરાતો લોકોના મન પર સીધી અસર કરે છે. ખાસ કરીને બાળકો અને યુવાનો તેના સહેલાં શિકાર બને છે. રંગીન જાહેરાતો અને આકર્ષક ઓફરો ખોરાકને ફેશન બનાવી દે છે. પરિણામે ખાવાની આદતો બગડે છે.સર્વેમાં શિશુઓ અને નાના બાળકો માટે દૂધ અને પીણાંના માર્કેટિંગ પર કડક નિયંત્રણની પણ માંગ છે. બાળકો માટે શું યોગ્ય છે અને શું નહીં, તે નક્કી કરવાનું કામ માત્ર બજાર પર છોડવું યોગ્ય નથી. બાળકોનો સ્વાસ્થ્ય દેશના ભવિષ્ય સાથે જોડાયેલો છે. જો આજનું બાળપણ અસ્વસ્થ રહેશે તો આવતીકાલનું શ્રમબળ પણ નબળું રહેશે.બાળકોમાં વધતી સ્થૂળતા આ સર્વેની મોટી ચિંતા છે. વર્ષ ૨૦૨૦માં દેશમાં ૩૩ મિલિયન બાળકો મેદસ્વી હતા. આ આંકડો ચોંકાવનારો છે. વધુ ચિંતાજનક વાત એ છે કે ૨૦૩૫ સુધીમાં આ સંખ્યા ૮૩ મિલિયન સુધી પહોંચે તેવી શક્યતા દર્શાવવામાં આવી છે. આ માત્ર સ્વાસ્થ્યની સમસ્યા નથી. આ એક આર્થિક સમસ્યા પણ છે. કારણ કે અસ્વસ્થ જનતા પર આરોગ્ય ખર્ચ વધે છે અને ઉત્પાદનક્ષમતા ઘટે છે.વિશ્વના અન્ય દેશોના ઉદાહરણો પણ ધ્યાન ખેંચે છે. બ્રિટને બાળકોમાં સ્થૂળતા ઘટાડવા માટે રાત્રે નવ વાગ્યા પહેલા ટીવી અને ઓનલાઈન મીડિયામાં જંક ફૂડની જાહેરાતો પર પ્રતિબંધ મૂક્યો છે. ભારત પણ આ દિશામાં વિચાર કરે છે, તે સકારાત્મક સંકેત છે. કેન્દ્ર સરકાર નવી ફ્રન્ટ ઓફ પેક ન્યુટ્રિશન લેબલિંગ નીતિ લાવવાની તૈયારીમાં છે. ખોરાકના પેકેટ પર સ્ટાર રેટિંગ આપવાની વાત છે. જેથી ગ્રાહક સરળતાથી સમજી શકે કે કયો ખોરાક કેટલો આરોગ્યદાયક છે.આ બધાની વચ્ચે આર્થિક દ્રષ્ટિએ સર્વે આશાવાદી ચિત્ર પણ આપે છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે રજૂ કરેલા સર્વે મુજબ ૨૦૨૬-૨૭માં રફૂઁ વૃદ્ધિ દર ૬.૮થી ૭.૨ ટકા રહેવાની ધારણા છે. ગયા વર્ષના ૬.૫ ટકા કરતાં આ વધારે છે. ચાલુ નાણાકીય વર્ષ માટે વૃદ્ધિ ૭.૪ ટકા રહેવાનો અંદાજ છે. આ બતાવે છે કે વૈશ્વિક અનિશ્ચિતતાઓ છતાં ભારતીય અર્થતંત્ર મજબૂત રહી રહ્યું છે.ફુગાવા અને રોજગારના આંકડાઓ પણ રાહત આપે છે. ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં ફુગાવો ઘટીને ૧.૭ ટકા થયો છે. વર્ષ ૨૦૨૩માં તે ૬.૭ ટકા હતો. બેરોજગારી દરમાં પણ ઘટાડો થયો છે. મે ૨૦૨૫માં તે ૫.૪ ટકા હતો, જે ઘટીને ૪.૯ ટકા થયો છે. આ આંકડાઓ સામાન્ય લોકોના જીવનમાં થોડી સ્થિરતા લાવે છે.બાહ્ય મોરચે પણ આશાની વાત છે. આ વર્ષે અમેરિકા સાથે વેપાર કરાર થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જો આ કરાર પૂર્ણ થાય તો ભારત માટે નિકાસ અને રોકાણની નવી તકો ખુલશે. સાથે સાથે વૈશ્વિક વેપારમાં રહેલી અનિશ્ચિતતા પણ ઓછી થશે.આર્થિક સર્વેનો સૌથી મહત્વનો સંદેશ એ છે કે વિકાસ અને સ્વાસ્થ્ય એકબીજાથી અલગ નથી.

# દેદીપ્યમાન દિવ્યતા દર્શાવતું રૂવાપરી ધામ



ફ્રાઈડે ફોટો સ્ટોરી -જયદીપ એન. ઠાકર

અંતરની આસ્થાનો આવિર્ભાવ પ્રગટાવતુ રૂવાપરી મંદિર સંધ્યા સમયે એની ઓજસ્વી આભાને લીધે જાજવલ્યમાન અને દર્શનીય બની રહે છે. ઈતિહાસના ઓવારણેથી અમીદ્રષ્ટિ દર્શાવતું, ભક્તિભાવનું આ કેન્દ્રબિંદુ તેના આસમાની રંગોના અંતર્નાદ દ્વારા આપણા મસ્તક સાથે મનને પણ માતાજીના ચરણોમાં નમવા પ્રેરે છે. ભાવનગરને અડીને આવેલા રૂવા ગામના પ્રતિનિધિરૂપ આ ધાર્મિક સ્થળ ભાવેણાવાસીઓની પ્રાચીનતમ શ્રદ્ધા અને સંવેદનાનું સાક્ષી બની રહે છે.

# પ્રાકૃતિક કૃષિનું હૃદય - દેશી ગાયઃ જેના વિના પ્રાકૃતિક ખેતીની કલ્પના અધૂરી

એટલે કે ગાય વિશ્વની માતા છે, તેની ઉપમા કોઈને પણ આપી શકાતી નથી; દેશી ગાય માત્ર એક પશુ નથી, પરંતુ કૃષિ સ્વાવલંબન, પર્યાવરણ સંરક્ષણ અને સ્વસ્થ સમાજ તરફ દોરી જતી શક્તિ છે.

ભારત કૃષિપ્રધાન દેશ છે અને અહીં કૃષિ માત્ર વ્યવસાય નથી, પરંતુ જીવનપદ્ધતિ છે. આ પરંપરાગત કૃષિ પ્રણાલીમાં દેશી ગાયનું સ્થાન અતિ વિશિષ્ટ અને પવિત્ર માનવામાં આવ્યું છે. વૈદિક સાહિત્યથી લઈને આજની પ્રાકૃતિક કૃષિ સુધી ગાયને માત્ર દૂધ આપનાર પ્રાણી તરીકે નહીં, પરંતુ સંપૂર્ણ કૃષિ વ્યવસ્થાનું કેન્દ્રબિંદુ માનવામાં આવે છે.મહાભારતનાં અનુશાસન પર્વમાં ગાયના સદગુણો અને ઉપયોગીતા વિષે વર્ણન કરવામાં આવ્યું છે કે, ગાય પોતાના દૂધ, દહીં, અને ઘી વડે પ્રજાનું પાલન-પોષણ કરે છે. એનો પુત્ર એટલે કે બળદ કૃષિનું કામ કરે છે, ભાર ઉઠાવે છે અને પોતાના શ્રમથી અનાજ, બીજ ઉત્પન્ન કરે છે. એનાથી જ યજ્ઞ સંપન્ન થાય છે. ગાય અમૃત કળશ છે અને સમગ્ર વિશ્વ એની આગળ નતમસ્તક છે.ઋગ્વેદમાં કહ્યું છે કે,એટલે કે ગાય વિશ્વની માતા છે. યજુર્વેદમાં કહ્યું છે કે,: એટલે કે ગાયની ઉપમા કોઈને પણ આપી શકાતી નથી. ભારતીય પરંપરામાં ગાયને "ગૌમાતા" કહેવામાં આવી છે. ઋગ્વેદ અને અન્ય ગ્રંથોમાં ગાયને સમૃદ્ધિ, આરોગ્ય અને કલ્યાણનું પ્રતીક માનવામાં આવે છે. આ ભાવના માત્ર ધાર્મિક નથી - તે ટકાઉ જીવનશૈલી અને કુદરત સાથે સહઅસ્તિત્વનો સંદેશ આપે છે.વિદેશી સંકર જાતની ગાયો મુખ્યત્વે વધુ દૂધ ઉત્પાદન માટે વિકસાવવામાં આવી છે, જ્યારે ભારતીય દેશી ગાયો સ્થાનિક પર્યાવરણ, હવામાન અને ખેતી પદ્ધતિઓ સાથે સ્વાભાવિક રીતે સુસંગત છે. દેશી ગાયનું મહત્ત્વ દૂધથી પણ વધારે તેનાં છાણ (ગોબર), ગૌમૂત્ર, દહીં અને ઘી માં સમાયેલું છે, જે પ્રાકૃતિક કૃષિનો મૂળ આધારસ્તંભ છે.દેશી ગાયના છાણ (ગોબર)માં અગણિત લાભદાયી સૂક્ષ્મજીવો હોય છે, તે જમીનમાં જૈવિક કાર્બન વધારવામાં મદદ કરે છે. માટીની રચના, ભેજ જાળવવાની ક્ષમતા અને ઉપજાઉ શક્તિ સુધારે છે. જ્યારે ગૌમૂત્ર કુદરતી જીવાણુનાશક તરીકે કામ કરે છે, પાકમાં રોગપ્રતિકારક શક્તિ વધારવામાં ઉપયોગી છે. દેશી ગાય વગર પ્રાકૃતિક ખેતીની કલ્પના અધૂરી છે. દેશી ગાયનાં છાણ (ગોબર), ગૌમૂત્ર, ગોળ અને દાળના લોટથી બનતું જીવામૃત જમીનમાં કરોડો સૂક્ષ્મજીવોની વૃદ્ધિ કરે છે. આ સૂક્ષ્મજીવો જમીનને જિવંત બનાવે છે અને છોડને જરૂરી પોષકતત્ત્વ પ્રાકૃતિક રીતે ઉપલબ્ધ કરાવે છે. બીજ વાવતાં પહેલાં તેને દેશી ગાય આધારિત દ્રાવણથી શુદ્ધ કરવામાં આવે છે, જેથી ફૂગ અને રોગોથી રક્ષણ મળે છે. દેશી ગાયનાં ગૌમૂત્ર અને ઔષધીય છોડમાંથી બનેલા દ્રાવણો જીવાત નિયંત્રણ, ફૂગજન્ય રોગોથી રક્ષણ માટે અસરકારક માનવામાં આવે છે. આ પદ્ધતિઓથી રાસાયણિક જંતુનાશકોની જરૂરિયાત ઓછી થાય છે. જે જમીન, પાણી અને માનવ સ્વાસ્થ્ય માટે લાભદાયી છે.





ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝિલેન્ડના વૈજ્ઞાનિકોએ લાંબા સમય સુધી સંશોધન કરીને જર્સી અને હોલ્સ્ટન ફ્રિઝિયન ગાયના દૂધને નામ એ-૧ આપ્યું તેમજ ભારતીય પ્રજાતિની દેશી ગાયના દૂધને એ-૨ નામ આપ્યું. વૈજ્ઞાનિક પરીક્ષણ બાદ એ-૧ દૂધ સ્વાસ્થ્ય તેમજ માનવ શરીર માટે હાનિકારક જણાયું, જયારે એ-૨ દૂધને માનવ શરીરમાં રોગ પ્રતિકારકશક્તિ વધારનાર તથા સ્વાસ્થ્યવર્ધક માનવામાં આવ્યું છે. આમ ભારતીય પ્રજાતિની બધી દેશી ગાયોનું દૂધ, છાણ અને ગૌમૂત્ર અમૃત સમાન છે.આજના સમયમાં જમીનની ફળદ્રુપતા ઘટતી જાય છે, પાણી પ્રદૂષિત થાય છે અને ખેડૂતોનો ખેતી ખર્ચ વધે છે ત્યારે આવી પરિસ્થિતિમાં દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ ખર્ચ ઘટાડે છે, જમીનને ઉપજાઉ બનાવે છે, ઝેરી અવશેષરહિત ખોરાક આપે છે. આ રીતે દેશી ગાય માત્ર એક પશુ નથી, પરંતુ કૃષિ સ્વાવલંબન, પર્યાવરણ સંરક્ષણ અને સ્વસ્થ સમાજ તરફ દોરી જતી શક્તિ છે.

પ્રાકૃતિક કૃષિ એ માત્ર ટેકનિક નથી, તે વિચારધારા છે - અને આ વિચારધારાના કેન્દ્રમાં દેશી ગાય છે. તેના છાણ (ગોબર), ગૌમૂત્રથી જમીન, પાક, પર્યાવરણ અને માનવ જીવન વચ્ચેનું સંતુલન જળવાઈ રહે છે. દેશી ગાય એટલે જીવંત ખાતર ફેક્ટરી, કુદરતી ઔષધાલય અને ટકાઉ ખેતીનું હૃદય છે. **આલેખનઃ રેસુંગ ચૌહાણ, નાયબ માહિતી નિયામક, ભાવનગર**

# બિનઉપયોગી ગણાતા નંદી પાવર ઉર્જાના સર્જક પણ બને છે

**ટ્રેક્ટર આવતા હવે હળ અને બળદનો જમાનો ધીમે ધીમે અસ્ત થઈ રહ્યો છે. બળદને ગાડામાં જોડવામાં આવતા તે ગાડાની જગ્યાએ ઇલેક્ટ્રીક વાહન આવી ગયા. એક સમયે કૂવામાંથી પાણી કાઢવા માટે બળદનો ઉપયોગ થતો હવે વર્ટિકલ ટર્બાઇન પંપ આવી ગયા. આમ બળદનો ઉપયોગ નહિવત થઈ જતા બળદ બિચારા બની ગયા પરંતુ ભાવનગરની સંશોધન સંસ્થા સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા બુલ પાવર નો ઉપયોગ કરીને પાવર જનરેટ કરવાના સફળ પ્રયોગો કર્યા છે. આગામી સમયમાં બળદ હોય બિચારા નહીં રહે જોકે હાલ ગૌશાળા ની જેમ નંદીશાળાઓ પણ શરૂ થઈ ચૂકી છે!!**

## આસપાસ ચોપાસ

સુરેશ ભટ્ટ

એક સમય એવો હતો જ્યારે ભારતીય ખેતીની ઓળખ જ નંદી એટલે કે બળદ સાથે જોડાયેલી હતી. ખેતર ખેડવાનું કામ હોય, કૂવામાંથી પાણી કાઢવાનું હોય કે ગાડું ખેંચવાનું હોય, દરેક જગ્યાએ બળદ ખેડૂતનો વિશ્વાસુ સાથી હતો. ગામડાંની જીવનશૈલીમાં બળદ માત્ર પશુ નહોતો, પરંતુ પરિશ્રમ, ધીરજ અને નિષ્ઠાનું જીવંત પ્રતીક ગણાતો. સમય બદલાયો, ટેક્નોલોજી આવી અને ખેતીમાં ટ્રેક્ટર તથા મશીનરીનો પ્રવેશ થયો. પરિણામે બળદ ધીમે ધીમે ખેતીમાંથી બહાર થવા લાગ્યો અને જે પશુ એક સમય ખેતીનો આધાર હતો તે આજે ઉપેક્ષાનો ભોગ બન્યો.

આજે સ્થિતિ એવી છે કે અનેક બળદો અને આખલાઓ શહેરો, નગરો અને ગામડાંની ગલીઓમાં રખડતી નજરે પડે છે. ક્યાંક ટ્રાફિક માટે નળતર બને છે, ક્યાંક અકસ્માતનું કારણ બને છે તો ક્યાંક ભૂખ, તરસ અને રોગનો ભોગ બને છે. ગાય માટે ગૌશાળા અને પાંજરાપોળોની વ્યવસ્થા તો રાજ્યભરમાં જોવા મળે છે, પરંતુ બળદો માટે અલગથી વ્યવસ્થિત આશ્રયસ્થાનોની અછત લાંબા સમયથી અનુભવી શકાય તેવી હતી. આવા સમયમાં કચ્છના અંજારમાં ઉભી થયેલી ગોવર્ધન નંદીશાળા એક આશાની કિરણ બની છે.

રાજસ્થાનના એક સંતની હાકલથી પ્રેરણા લઈને કચ્છના એક સંતે મનમાં દઢ સંકલ્પ બાંધ્યો કે નંદીઓ માટે પણ સન્માનજનક જીવન હોવું જોઈએ. આ વિચારમાંથી જન્મ્યું ગોવર્ધન નંદીશાળાનું સ્વપ્ન. આજે અંજારના સીમાડે આવેલી આ નંદીશાળામાં સાતસોથી વધુ બળદોની સંભાળ લેવામાં આવે છે. આ માત્ર આશ્રયસ્થાન નથી, પરંતુ નંદીઓ માટે નંદનવન સમાન એક પરિવાર છે, જ્યાં તેમને આદર, કાળજી અને સંરક્ષણ મળે છે.

પોલીસ કહે છે કે આ કાર્યવાહી ડ્રગ્સ અને હથિયારોની દાણચોરી સામે ચાલી રહેલા કાર્યવાહીનો એક ભાગ છે. અગાઉ, ૨૫ જાન્યુઆરીના રોજ, સ્ટેટ સ્પેશિયલ ઓપરેશન્સ સેલ ,એસએએસ નગર (મોહાલી) એ એક મોટા ક્રોસ બોર્ડર નાર્કો-ટેરર નેટવર્કમાં એક મુખ્ય કડીની ધરપકડ કરી હતી. એસએસઓસીએ આ કેસમાં સતનામ સિંહની ધરપકડ કરી હતી. ડીજીપી ગૌરવ યાદવે તે સમયે ઠ પર પોસ્ટ કરી હતી, "ગુપ્ત માહિતીના આધારે, સ્ટેટ સ્પેશિયલ ઓપરેશન્સ સેલ, એસએએસ નગર, એ આંતરરાજ્ય અને સરહદ પારના નાર્કો-ટેરર મોડ્યુલની મુખ્ય નાણાકીય કડી પકડી છે."

# રશિયા અને ભારત સંયુક્ત રીતે એસયુ-૫૭ ઈ ફાઈટર જેટનું ઉત્પાદન કરશે

## ભારત અને રશિયા વચ્ચે ભારતમાં પાંચમી પેઢીના સુખોઈ એસયુ-૫૭ ઈ સ્ટીલ્થ ફાઈટર જેટના સંયુક્ત ઉત્પાદનની શક્યતા પર સઘન તકનીકી ચર્ચા

મોસ્કો,

ભારત અને રશિયા હંમેશા મજબૂત સંરક્ષણ સહયોગ ધરાવતા રહ્યા છે. હવે, આ સંરક્ષણ સંબંધને વધુ મજબૂત બનાવવા માટે પગલાં લેવામાં આવી રહ્યા છે. એવું અહેવાલ છે કે ભારત અને રશિયા ભારતમાં પાંચમી પેઢીના સુખોઈ એસયુ-૫૭ ઈ સ્ટીલ્થ ફાઈટર જેટના સંયુક્ત ઉત્પાદનની શક્યતા પર સઘન તકનીકી ચર્ચાઓ કરી રહ્યા છે. રશિયન એરોસ્પેસ કંપની યુનાઈટેડ એરક્રાફ્ટ કોર્પોરેશનના સીઈઓ વાદિમ બદેખા દ્વારા આ માહિતી આપવામાં આવી હતી.

હૈદરાબાદમાં ચાલી રહેલા વિંગ્સ ઈન્ડિયા એર શો દરમિયાન રશિયન મીડિયા સાથે વાત કરતા, વાદિમ બદેખાએ જણાવ્યું હતું કે બંને દેશો આ દરખાસ્ત પર તકનીકી ચર્ચાના અદ્યતન તબક્કામાં પહોંચી ગયા છે. તેમણે સમજાવ્યું કે આવા કરારો લાંબા ગાળાના દ્વિપક્ષીય સહયોગ માટે દિશા નિર્ધારિત કરે છે. તેમણે ઉમેર્યું હતું કે વાટાઘાટો એસયુ-૫૭ ના લાઈસન્સ પ્રાપ્ત ઉત્પાદન પર પણ ધ્યાન કેન્દ્રિત કરે છે, જે હાલમાં એસયુ-૩૦ વિમાનના ઉત્પાદન માટે ઉપયોગમાં લેવાતી ભારતીય સુવિધાઓનો ઉપયોગ કરી શકે છે. તેમણે ઉમેર્યું હતું કે ભારતીય ઉદ્યોગ અને સ્વદેશી સિસ્ટમોને મહત્તમ હદ સુધી સામેલ કરવાની યોજનાઓ પર પણ વિચારણા કરવામાં આવી રહી છે. બદેખાએ ભાર મૂક્યો હતો કે આવા કરાર માટે ઊંડાણપૂર્વક અભ્યાસ અને વિગતવાર તકનીકી પરામર્શની જરૂર છે, અને ચર્ચાઓ ચાલુ છે. આ દાવા પર ભારતીય પક્ષ તરફથી કોઈ સત્તાવાર પ્રતિભાવ મળ્યો નથી.

એ નોંધવું જોઈએ કે અગાઉ, રશિયન રાજ્ય માલિકીની શસ્ત્ર નિકાસકાર રોસોબોરોન એક્સપોર્ટના વડા એલેક્ઝાન્ડર મિખીવે ભારતને એસયુ-૫૭ઈ સપ્લાય કરવાની ઓફર કરી હતી, તેમજ ભારતમાં તેના ઉત્પાદનમાં સહયોગ અને સ્વદેશી એએસીએ (એડવાન્સ્ડ મીડિયમ કોમ્બેટ એરક્રાફ્ટ) સ્ટીલ્થ ફાઈટરના વિકાસ માટે પણ ઓફર કરી હતી. એર શો દરમિયાન, યુએસી અને હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ વચ્ચે ભારતમાં સુપરજેટ-૧૦૦ પ્રાદેશિક પેસેન્જર એરક્રાફ્ટના ઉત્પાદન માટે એક કરાર પર પણ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

# એનસીપીએ અજિત પવારના ઉત્તરાધિકારી તરીકે સુનેત્રા પવારની પસંદગી કરી

## મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી તરીકે નિયુક્ત કરવાનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવશે

મુંબઈ,

મહારાષ્ટ્રના સ્વર્ગસ્થ નાયબ મુખ્યમંત્રી અજિત પવારની પાર્ટીએ તેમના ઉત્તરાધિકારી તરીકે તેમની પત્ની સુનેત્રા પવારને નિયુક્ત કર્યા છે. દ્ભઝના કાર્યકારી પ્રમુખ પ્રફુલ્લ પટેલ અને પાર્ટીના દિગ્ગજ નેતા છગન ભુજબળના જણાવ્યા અનુસાર, સુનેત્રા પવારને નાયબ મુખ્યમંત્રી તરીકે નિયુક્ત કરવાનો પ્રસ્તાવ ભાજપને સુપરત કરવામાં આવશે. સુનેત્રા પવાર હાલમાં રાજ્યસભાના સાંસદ છે. જો તે ડેપ્યુટી સીએમ બનશે, તો તે અજિત પવારની બારામતી બેઠક પરથી ચૂંટણી લડશે અને ધારાસભ્ય બનશે.



બંને એનસીપી નેતાઓએ સુનેત્રા પવાર સાથે મુલાકાત કરી હતી અને તેમને ડેપ્યુટી સીએમ બનવા માટે આગ્રહ કર્યો હતો. આ માહિતી સૂત્રો પાસેથી મળી છે. મહારાષ્ટ્ર વિધાનસભામાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના ૪૧ ધારાસભ્યો છે.

પવાર પરિવારના અડધો ડઝન સભ્યો રાજકારણમાં સીધા સંકળાયેલા છે. શરદ પવાર સૌથી મોટા છે, જ્યારે સુનેત્રા પવાર બીજા ક્રમે છે. તેમણે બારામતીમાં સુપ્રિયા સુલે સામે ચૂંટણી લડી હતી, અને ભલે તેઓ હારી ગયા, પરંતુ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીએ તેમને રાજ્યસભામાં ચૂંટ્યા. હવે, અજિત પવારના અચાનક અવસાન પછી, તેઓ તેમના પરિવારમાં સૌથી મોટા છે. વધુમાં, તેઓ સુપ્રિયા સુલે કરતા મોટા છે.

સુનેત્રા પવાર સ્નાતક છે. તેણીએ ઔરંગાબાદના ડૉ. બાબાસાહેબ આંબેડકર મરાઠવાડા યુનિવર્સિટીમાંથી બી.કોમ પૂર્ણ કર્યું. તેણીએ ૧૯૮૩ માં ત્યાં પોતાનો અભ્યાસ પૂર્ણ કર્યો.

# દિલ્હીના ઉપરાજ્યપાલ વીકે સક્સેનાને કોર્ટે મેધા પાટકર માનહાનિ કેસમાં નિર્દોષ જાહેર કર્યા

## પાટકરે સક્સેના વિરુદ્ધ તેમના અને નર્મદા બચાવો આંદોલનની ટીકા કરતી જાહેરાત પ્રકાશિત કરવા બદલ દાવો દાખલ કર્યો હતો

નવીદિલ્હી,

સામાજિક કાર્યકર્તા મેધા પાટકર દ્વારા દાખલ કરાયેલા માનહાનિના કેસમાં દિલ્હીના ઉપરાજ્યપાલ વિનય કુમાર સક્સેનાને મોટી રાહત મળી છે. દિલ્હીની સાકેત મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટે વીકે સક્સેનાને તમામ આરોપોમાંથી નિર્દોષ જાહેર કર્યા છે. સાકેત કોર્ટના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ રાઘવ શર્માએ જણાવ્યું હતું કે ફરિયાદીએ આરોપોને સમર્થન આપવા માટે કોઈ કાયદેસર રીતે માન્ય અને નક્કર પુરાવા રજૂ કર્યા નથી.

આ માનહાનિનો કેસ લગભગ ૨૫ વર્ષ જૂનો છે. ૨૦૦૦ થી મેધા પાટકર અને વીકે સક્સેના વચ્ચે કાનૂની લડાઈ ચાલી રહી છે, જ્યારે પાટકરે સક્સેના વિરુદ્ધ તેમના અને નર્મદા બચાવો આંદોલનની ટીકા કરતી જાહેરાત પ્રકાશિત કરવા બદલ દાવો દાખલ કર્યો હતો. તે સમયે સક્સેના અમદાવાદ સ્થિત એનજીઓ, નેશનલ કાઉન્સિલ ફોર સિવિલ લિબર્ટીઝના વડા હતા. સક્સેનાએ ટીવી ચેનલ પર પાટકર વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી કરવા અને પ્રેસને બદનક્ષીભર્યા નિવેદનો આપવા બદલ બે કેસ પણ દાખલ કર્યા હતા. વીકે સક્સેનાએ ૨૦૦૧ માં પાટકર વિરુદ્ધ બે માનહાનિના કેસ દાખલ કર્યા હતા. એક કેસ ટેલિવિઝન ઈન્ટરવ્યુમાં કરવામાં આવેલી ટિપ્પણીઓ અને બીજો પ્રેસ સ્ટેટમેન્ટ સંબંધિત હતો. આ પહેલા, ૨૫ જાન્યુઆરીએ, દિલ્હીની એક કોર્ટે વીકે સક્સેના દ્વારા દાખલ કરાયેલા ફોજદારી માનહાનિના કેસમાં મેધા પાટકરને નિર્દોષ જાહેર કર્યા હતા. આ કેસ ૨૦૦૬માં એક ટેલિવિઝન કાર્યક્રમ દરમિયાન કરવામાં આવેલી ટિપ્પણીઓ સાથે સંબંધિત હતો.

# ન્યૂ યોર્કમાં ખરાબ હવામાનથી ૧૦ લોકોના મોત વિવિધ વિસ્તારોમાંથી મૃતદેહો મળી આવ્યા

ન્યુયોર્ક,

ન્યૂ યોર્ક શહેરમાં ચાલી રહેલી તીવ્ર ઠંડી અને બરફવર્ષાને કારણે ઓછામાં ઓછા ૧૦ લોકોના મોત થયા છે. આ મૃત્યુ મુખ્યત્વે શહેરના રસ્તાઓ પર રહેતા લોકોના હોવાનું જાણવા મળ્યું છે. આમાંના ઘણા કિસ્સાઓમાં હાયપોથર્મિયા (ભારે ઠંડીને કારણે શરીરનું નીચું તાપમાન) ના ચિહ્નો જોવા મળ્યા છે. શહેરના વિવિધ વિસ્તારોમાંથી મૃતદેહો મળી આવ્યા છે. ન્યૂ યોર્ક શહેરના મેયર ઝોહરાન મામદાનીએ પોતે પુષ્ટિ કરી છે કે કુલ ૧૦ લોકોના મોત નોંધાયા છે.

રાજ્યના સેનેટર જેસિકા રામોસે કહ્યું કે મૃતકે ફક્ત પાતળું જેકેટ પહેર્યું હતું. તેમણે સરકાર પર સવાલ ઉઠાવતા કહ્યું કે સરકાર વધુ કરી શકતી હતી પરંતુ તેમણે તેમ ન કર્યું. કેટલાક વાસ્તવિક પ્રશ્નોના જવાબ આપવાની જરૂર છે.

મેયર મમદાનીએ કહ્યું કે ઠંડી એ વ્યક્તિગત નિષ્ફળતા નથી, પરંતુ જાહેર જવાબદારી છે. શહેરમાં આઉટરીચ વર્કર્સની સંખ્યામાં વધારો થયો છે, નવા વોર્મિંગ સેન્ટરો ખોલવામાં આવ્યા છે, અને હોસ્પિટલોને સૂચના આપવામાં આવી છે કે જેમની પાસે ક્યાંય જવા માટે જગ્યા નથી તેમને રજા ન આપવામાં આવે.

# આર્થિક સર્વેક્ષણ પર પીએમ મોદી દેશને દંભથી ભરેલો સંદેશ મોકલી રહ્યા છે : કોંગ્રેસ

## કોંગ્રેસે બજેટ સત્ર પર તેમની ટિપ્પણીઓ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહાર કર્યા

નવીદિલ્હી,

કોંગ્રેસે ગુરુવારે બજેટ સત્ર પર તેમની ટિપ્પણીઓ પર વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહાર કર્યા. તેમણે કહ્યું કે તેઓ દરેક સત્રની શરૂઆત પહેલાં ''દેશને એ જ દંભી સંદેશ'' આપે છે. આજનો વિરોધ આ શ્રેણીનો એક ભાગ છે. કોંગ્રેસના પ્રભારી મહાસચિવ જયરામ રમેશે કહ્યું, વડાપ્રધાન રાષ્ટ્રીય મુદ્દાઓ પર વિપક્ષને વિશ્વાસમાં લેવા માટે સર્વપક્ષીય બેઠકો બોલાવશે નહીં કે અધ્યક્ષતા કરશે નહીં.

રમેશે દાવો કર્યો હતો કે તેઓ છેલ્લી ઘડીએ અચાનક બિલ રજૂ કરશે અને જરૂરી કાયદાકીય તપાસ વિના સંસદમાં તેને પસાર કરાવશે. તેમણે વધુમાં કહ્યું કે મોદી સંસદમાં બેસીને વિપક્ષી નેતાઓની ચિંતાઓને સંબોધશે નહીં, પરંતુ તેના બદલે બંને ગૃહોમાં ચૂંટણી રેલીઓમાં ભાષણો આપશે. તેમણે વધુમાં કહ્યું, ''દરેક સત્ર શરૂ થાય તે પહેલાં, તેઓ સંસદને પૃષ્ઠભૂમિ તરીકે ઉપયોગ કરીને રાષ્ટ્રને પોતાનો જ દંભી 'સંદેશ' આપશે. આજનો વિરોધ આ શ્રેણીનો એક ભાગ છે.''

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે યુરોપિયન યુનિયન સાથે મુક્ત વેપાર કરાર મહત્વાકાંક્ષી ભારત માટે છે. તેમણે ઉત્પાદકોને તેમના માટે ખુલતા નવા બજારોનો લાભ લેવા વિનંતી કરી. મોદીએ એમ પણ કહ્યું કે દેશ લાંબા સમયથી ચાલી રહેલી સમસ્યાઓને દૂર કરી રહ્યો છે અને લાંબા ગાળાના ઉકેલો તરફ કામ કરી રહ્યો છે. તેમણે કહ્યું કે હવે અવરોધો ઉભા કરવાનો નહીં, પરંતુ ઉકેલો શોધવાનો સમય છે. તેમણે વધુમાં કહ્યું કે તેમની સરકાર ફાઈલો સુધી મર્યાદિત નથી પરંતુ લોકો સુધી કલ્યાણકારી યોજનાઓ પહોંચાડવા માટે પણ કામ કરી રહી છે. બજેટ સત્રની શરૂઆતમાં સંસદ ભવનના સંકુલમાં તેમના પરંપરાગત સંબોધનમાં, તેમણે પત્રકારોને કહ્યું, ''દેશના સર્વાંગી વિકાસ માટે પગલાં લેતી વખતે અમારી પ્રાથમિકતા હંમેશા માનવ-કેન્દ્રિત છે.'' તેમણે વધુમાં કહ્યું કે એક આત્મવિશ્વાસપૂર્ણ ભારત વિશ્વ માટે આશાના કિરણ તરીકે ઉભરી આવ્યું છે.

# એસી, રેફ્રિજરેટર, પંખા અને ટી.વી મોંઘા થશે

મુબઈ,

જો તમે ઈલેક્ટ્રોનિક્સ ખરીદવાનું વિચારી રહ્યા છો, તો અહીં એક ખરાબ સમાચાર છે. તાંબાના ભાવમાં સતત વધારાનો પ્રભાવ હવે બજારમાં સીધો દેખાય છે. ઈલેક્ટ્રિકલ અને ઈલેક્ટ્રોનિક ક્ષેત્રોમાં ભાવ દર અઠવાડિયે બદલાતા રહે છે. આનાથી વેપારીઓનું ટેન્શન વધી ગયું છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે જાન્યુઆરીમાં એસી અને રેફ્રિજરેટર સહિત ઘણી ઈલેક્ટ્રોનિક વસ્તુઓના ભાવમાં વધારો થઈ ચૂક્યો છે. વધુમાં, આગામી દિવસોમાં તાંબાથી બનેલી દરેક વસ્તુના ભાવમાં લગભગ ૧૦ ટકાનો વધારો થશે. આનો અર્થ એ છે કે વધતી જતી ફુગાવાને કારણે, લોકો જીએસટી સુધારાનો લાભ મેળવી શકશે નહીં.




એર કંડિશનર, રેફ્રિજરેટર અને પંખા સહિત ઘણી ઘરગથ્થુ વસ્તુઓનો ઉપયોગ થાય છે. ગયા વર્ષે, કેન્દ્ર સરકારે જીએસટી સુધારા રજૂ કર્યા હતા, જેના કારણે કારથી લઈને એર કંડિશનર અને ટેલિવિઝન સુધીની ઘણી ઈલેક્ટ્રોનિક વસ્તુઓના ભાવમાં ઘટાડો થયો છે. લોકોએ સરકારની પહેલની પ્રશંસા કરી છે, પરંતુ હવે આ રાહત મેળવવી મુશ્કેલ બનશે, ઈલેક્ટ્રોનિક્સ ડીલરોનું માનવું છે.

તે બતાવે છે કે છેલ્લા બે મહિનામાં તાંબાના ભાવમાં આશરે ૪૦ ટકાનો વધારો થયો છે, એટલે કે તાંબુ, જે પહેલા ?૧,૦૦૦ પ્રતિ કિલોગ્રામમાં મળતું હતું, હવે તેની કિંમત લગભગ ?૧,૪૦૦ છે. આની અસર બજાર પર પહેલાથી જ પડી રહી છે. જાન્યુઆરીની શરૂઆતમાં, એર કંડિશનર, રેફ્રિજરેટર અને પંખા બનાવતી ઘણી કંપનીઓએ તેમના ભાવમાં વધારો કર્યો હતો. એવી અપેક્ષા છે કે આવતા મહિને આ વસ્તુઓના ભાવમાં ૧૦ ટકાનો વધારો થશે.

ઉદ્યોગપતિઓ એ જણાવ્યું હતું કે તાંબાના વધતા ભાવે સામાન્ય લોકો અને ઉદ્યોગપતિઓ બંનેનું તણાવ વધાર્યું છે. કંપનીઓએ એર કંડિશનર અને રેફ્રિજરેટરના ભાવમાં વધારો કર્યો છે. આનાથી નવો સ્ટોક ખરીદનારા ઉદ્યોગપતિઓના ખિસ્સા પર અસર પડી રહી છે. પરિણામે, આગામી દિવસોમાં ગ્રાહકોને પણ મોંઘવારીનો માર સહન કરવો પડશે. આનો અર્થ એ છે કે આ ઉનાળામાં એર કંડિશનરના ભાવમાં લગભગ ૧૦ ટકાનો વધારો થઈ શકે છે.

# નવી સીપીઆઈ સીરીઝના આધારે હવે જાન્યુઆરી માસનો ફુગાવાનો દર નક્કી થશે

## નવા કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સની બાસ્કેટમાં ૩૫૮ વસ્તુઓ સામેલ કરવામાં આવશે. જે તમામ સેક્ટરોમાં કીંમતોમાં વૃદ્ધિની ગતિને દેખાડશે

નવી દિલ્હી,

જાન્યુઆરીનાં રીટેલ ફુગાવાનાં આંકડામાં વિમાન ભાડુ, ઈ કોમર્સ પ્લેટફોર્મ અને એમેઝોન પ્રાઈમ જેવી ઓટીટી ચેનલોનાં સબક્રિપ્શન દરોમાં થયેલા ફેરફારની પણ અસર જોવા મળશે કારણકે સ્ટેટિસ્ટિક્સ મંત્રાલયે કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સનાં ઘટકોનો વિસ્તાર કર્યો છે.

નવી સીપીઆઈ સિરીઝ જેનું બેઝ વર્ષ ૨૦૧૨ને બદલે ૨૦૨૪ હશે જે મુખ્ય મેક્રોઈકોનોમિક ઈન્ડિકેટર્સને વધુ સચોટ રીતે જોવા અને દેશમાં ઘરોનાં વ્યાપક વપરાશ પેટર્નની સમીક્ષા કરવાના ઉદ્દેશથી રજૂ કરવામાં આવી રહ્યું છે.

સ્ટેટિસ્ટિક્સ એન્ડ પ્રોગ્રામ ઈમ્પ્લિમેન્ટેશન મંત્રાલયે જણાવ્યું છે કે સંશોધિત બેઝ વર્ષ પર આધારિત મોંઘવારી ડેટાનો પ્રથમ સેટ ૧૨ ફેબ્રુઆરીએ જાન્યુઆરી માટે જારી કરવામાં આવશે.

નવા કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સની બાસ્કેટમાં ૩૫૮ વસ્તુઓ સામેલ કરવામાં આવશે. જે તમામ સેક્ટરોમાં કીંમતોમાં વૃદ્ધિની ગતિને દેખાડશે. વર્તમાન સિરીઝમાં ૨૯૯ વસ્તુઓની કીમત એકત્ર કરવામાં આવે છે.

સ્ટેટિસ્ટિક્સ મંત્રાલયે કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (સીપીઆઈ)ના વ્યાપક અપડેશન પર નિષ્ણાત જૂથનો રિપોર્ટ જારી કર્યો છે. રિપોર્ટમાં વસ્તુઓનાં વર્ગીકરણ માટે ક્લાસિફિકેશન ઓફ ઈન્ડિવિજુઅલ કન્ઝમ્પશન એકોર્ડિંગ ટુ પરપઝ (સીઓઆઈસીઓપી) ૨૦૧૮ ફ્રેમવર્કનો સ્વીકાર કરવા, હાઉસહોલ્ડ કન્ઝમ્પશન એક્સપેંડિચર સર્વે (એચસીઈએસ) ૨૦૨૩-૨૪નો ઉપયોગ કરી સીપીઆઈ આઈટમ બાસ્કેટ અને તેના સંબધિત ભારને અપડેટ કરવા અને પ્રાઈસ ડેટા કલેક્શન અને સંકલન માટે લેટેસ્ટ ટેકનોલોજીનો ઉપયોગ કરવાની ભલામણ કરવામાં આવી છે.

અન્ય ભલામણોમાં વહીવટી અને ઓનલાઈન/ઈ-કોમર્સ ડેટાને સામેલ કરવા, ઈન્ડેક્સ સંકલનમાં મેથોડોલિજકલ સુધાર જેમાં ઘરનું ભાડું ઈન્ડેક્સ અને વધુ વિસ્તૃત ડેટા પ્રસાર સામેલ છે.

# ગર્લ્સ સ્કૂલથી કપોળ બોર્ડિંગ તરફનાં માર્ગમાં કામ શરૂ હોવાથી અમરેલીનાં નાગનાથ ચોકમાં ટ્રાફિક સમસ્યા બની વિકરાળ

(મિલાપ રૂપારેલ દવારા)

અમરેલીઃ અમરેલીનાં હાર્દસમા હરિરામબાપા ચોકથી લઈને મુળદાસ ચોક સુધીનાં ૨૦૦ થી ૩૦૦ મીટરની જગ્યામાં નાગનાથ મંદિર, નાગનાથ બસ સ્ટેન્ડ, પાલિકા કચેરી અને બેથી ત્રણ જેટલી બેન્કો હોવાથી ટ્રાફિક સમસ્યાએ વિકરાળરૂપ ધારણ કર્યુ છે. અધુરામાં પુરૂ હરિરામબાપા ચોકથી બિનાકા ચોક તરફ જતાં માર્ગનું કામ શરૂ હોવાથી તમામ નાના-મોટા વાહનો નાગનાથ મંદિર અને નાગનાથ બસ સ્ટેન્ડ વચ્ચેનાં માર્ગ તરફથી બિનાકા ચોક તરફ અવરજવર કરે છે.



દરમિયાનમાં નાગનાથ બસ સ્ટેન્ડની સામે ઓટો રિક્ષા અને ખાનગી ઈકો કારનો જમેલો, પાલિકા કચેરીની દીવાલ નજીક પણ વાહનોનું પાર્કિંગ, ફેરિયાઓ ધ્વારા દબાણ અને સામેની બાજુ કારનું પાર્કિંગ તેમજ એક સિમેન્ટની મહાકાય કૂંડી પણ બિનાકા ચોકથી મુળદાસ ચોક જતી એસ.ટી. બસ માટે નડતરરૂપ બની રહી છે.

ટ્રાફિક સમસ્યાનાં નિરાકરણ માટે સીટીપીઆઈએ ટ્રાફિક જવાનોને જવાબદારી સોંપી હોય તેઓ ફરજ ઉપર પણ જોવા મળે પણ તેને માર્ગમાં નડતર રીક્ષા, ઈકો, સિમેન્ટની ટાંકી કે ફેરિયાઓ નજરે ચડતાં નથી. માત્ર ટ્રાફિક થતો હોય નજરથી નિહાળીને ફરજ બજાવતાં હોવાનો સંતોષ માને છે.

બીજી તરફ નાગનાથ મંદિરની દીવાલ નજીક તેમજ નાગનાથ બસ સ્ટેન્ડ નજીક કેબિનોની હારમાળા જોવા મળે. દિવસ દરમિયાન અવારનવાર ટ્રાફિકજામનાં દ્રશ્યો જોવા મળે છતાં કોઈ નકકર કાર્યવાહી કરવામાં આવતી નથી.

# અમરેલીમાં માટીનાં મસમોટા સ્પીડ બ્રેકર બનાવાયા!

## એક તરફ ભયાનક ગોળાઈ પસાર કરીને વાહનચાલકને દૂરથી ન દેખાય તેવા સ્પીડ બ્રેકર

## માર્ગ-મકાન વિભાગનાં અધિકારીઓ એકપણ સ્થળે નિયમ મુજબ સ્પીડબ્રેકર બનાવતા નથી

(મિલાપ રૂપારેલ દવારા)અમરેલીઃ અમરેલી શહેર જાણે કે અંધેરી નગરી હોય તેમ જનપ્રતિનિધિઓની નિષ્ક્રીયતા વચ્ચે માર્ગ-મકાન વિભાગ ધ્વારા નિયમોનો ઉલાળીયો કરીને બનાવાતા માર્ગોને લઈને શહેરનાં વાહનચાલકો માટે માર્ગો અગ્નિપથ સમાન બની ગયા છે.

શહેરમાં છેલ્લા થોડા મહિનાઓથી ચિતલ રોડ, વરસડા રોડને પહોળા અને નવા બનાવવાની કામગીરી આડેધડ કરવામાં આવી છે. માર્ગ કોણ બનાવે છે, કેવોબનાવવાનો છે, કયારે કામ પૂર્ણ થશે તેની વિગતો





જાહેર કરાતી નથી. સુરક્ષાનાં તમામ નિયમોનો ઉલાળીયો ખુલ્લેઆમ થઈ રહ્યો છે અને એકપણ જનપ્રતિનિધિ સરકારી અધિકારીને પ્રશ્ન કરતાં નથી અને જાગૃત નાગરિકોને સરકારી અધિકારીઓ સત્તાનાં મદમાં જવાબ આપતા નથી.

દરમિયાનમાં અમરેલીનાં ચિતલ રોડ ઉપર એરપોર્ટની દીવાલ નજીક નવો માર્ગ બની રહ્યો છે. ઠેબી જળાશયની જોખમી ગોળાઈ પસાર કરીને શહેરમાં પ્રવેશ કરનાર વાહનચાલકોને માટીનાં બનેલ સ્પીડ બ્રેકરનો સામનો કરવો પડે છે. એક તો વન-વે હોય તેમાં માટીનાં સ્પીડ બ્રેકર દિવસે તો થોડા નજરે ચડે પરંતુ રાત્રિનાં સમયે માટીનાં સ્પીડ બ્રેકર વાહનચાલકને નજરે ચડતા ન હોય ભયાનક અકસ્માત થવાની શકયતાઓ જોવા મળી રહી છે.

માર્ગ-મકાન વિભાગનાં અધિકારીઓને નિયમ મુજબ માર્ગ બનાવવામાં અને સાથે સ્પીડ બ્રેકર બનાવવામાં શું પરેશાની થઈ રહી છે તે સમજાતું નથી. માર્ગ સુરક્ષા અંગે વાતાનુકુલિન કચેરીમાં માત્ર સુચનો, આયોજનો અને માર્ગદર્શન જ મળે છે. ગ્રાઉન્ડ ઉપર માર્ગ સુરક્ષાનો ખુલ્લેઆમ ઉલાળીયો થતો હોય તેવું સ્પષ્ટ રીતે જોવા મળે છે.

## શહેરનાં ક્રીમ વિસ્તારમાંથી ઉકરડા દૂર કરવામાં ઠાગાઠૈયા

# અમરેલીનાં રહેણાંક વિસ્તારમાં ગંદકી અને ગાયોનો જમાવડો

(મિલાપ રૂપારેલ દવારા)

અમરેલીઃ અમરેલીનાં ક્રીમ વિસ્તાર ગણાતા શિવપાર્ક, યમુના પાર્ક વિસ્તારમાં છેલ્લા ઘણા મહિનાઓથી રખડતી ગાયો, ગંદકી, સાર્વજનિક પ્લોટમાં અંધારપટ્ટ સહિતની સમસ્યાઓ વિકરાળ બની હોય પાલિકાનાં શાસકો માત્ર આશ્વાસન આપીને સંતોષ માની રહ્યા છે.

ઉપરોકત વિસ્તારનાં દરેક પરિવારો પાલિકાથી લઈને રાજય અને કેન્દ્ર સરકારને ભરવાનાં થતાં તમામ કરવેરા નિયમિત ભરતાં હોવાથી શાસકોની નૈતિક ફરજ બને છે કે દરેક પરિવારને સ્વચ્છતા, સુરક્ષા સહિતની તમામ સુવિધા આપવી જોઈએ.



આ અંગે પાલિકા પ્રમુખ, રોશની સમિતિ, આરોગ્ય સમિતિમાં અવારનવાર રજૂઆત કરવામાં આવી છતાં સ્વચ્છતા થતી નથી. સાર્વજનિક પ્લોટમાં સ્ટ્રીટલાઈટ લગાવાતી નથી અને રખડતા શ્વાન અને ગાયોની સમસ્યા દૂર કરાતી નથી.

સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે, આ વિસ્તારનાં મતદારો ભાજપની સૌથી વધુ મજબુત વોટબેન્ક હોવા છતાં ભાજપ શાસિત પાલિકાનાં સત્તાધીશો અન્યાય કરી રહ્યા હોય રાજયમંત્રી કૌશિક વેકરિયાને આ બાબતે રજૂઆત કરવામાં આવશે.

# સ્વબચાવમાં માર્યો છતાં વૃધ્ધ સામે દીપડાની હત્યાનો ગુનો દાખલ!

## વન વિભાગના વિચિત્ર નિયમ સામે નારાજગી દીપડા રહેણાક વિસ્તારમાં ઘૂસી માણસને મારી નાખે તો વળતર આપીને સંતોષ માની લેતો વન વિભાગ

ઉનાઃ ઉના તાલુકાના ગાંગડા ગામની સીમમાં સ્વબચાવમાં દીપડાને મોતને ઘાટ ઉતારનાર વૃધ્ધ સામે વન વિભાગે ગુનો દાખલ કર્યો છે. દીપડા ગમે ત્યા ઘુસી માણસને મોતને ઘાટ ઉતારી નાખે ત્યારે વનવિભાગ વળતર આપી સંતોષ માની લે છે જ્યારે પોતાનો અને પુત્રનો જીવ બચાવવા દીપડાનું ઢીમ ઢાળી દેનાર વૃધ્ધ સામે ગુનો દાખલ થતા આવા વિચિત્ર નિયમ સામે રોષ ફેલાયો છે.



ગાંગડાની સીમમાં ગતરાત્રીના દીપડાએ વૃધ્ધ પર અને બાદમાં તેના પુત્ર પર હુમલો કર્યો હતો. વૃધ્ધ બાબુભાઈ નારણભાઈ સોલંકીએ પોતાના અને પોતાના પુત્રનો જીવ બચાવવા માટે દાંતરડું મારી દેતા દીપડાનું મોત થયુ હતું. સ્વબચાવમાં દીપડાને મોતને ઘાટ ઉતારનાર ગંભીર રીતે ઘવાયેલા વૃધ્ધ બાબુભાઈ નારણભાઈ વાજા સામે વનવિભાગે દીપડાની હત્યાનો ગુનો દાખલ કર્યો છે.

વનવિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે, દીપડો શેડયુલ વનમાં આવતું પ્રાણી છે એટલે તેની હત્યા મામલે નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવી છે.

ઉના પંથકમાં દીપડાઓ અવારનવાર હુમલા કરી માણસને મોતને ઘાટ ઉતારી રહ્યા છે. રેવન્યુ વિસ્તારમાં ઘટના બને તો વનવિભાગ સંતોષ માની લે છે જંગલ વિસ્તારમાં દીપડા કોઈને ફાડી ખાય તો વળતર પણ ચૂકવવવામાં આવતું નથી પરંતુ વાડીમાં ચડી આવેલા દીપડાને સ્વ બચાવમાં મોતને ઘાટ ઉતારનાર વૃધ્ધ સામે ગુનો દાખલ કરવામાં આવતા આવા વિચિત્ર નિયમ સામે નારાજગી વ્યાપી છે.

# અકસ્માતના અનડીટેકટ ગુન્હાનો ભેદ ઉકેલાયો

અમરેલીઃ લાઠી નજીક ભાવનગર-રાજકોટ હાઈવે રોડ ઉપર હીરાણા ગામના પાટીયાથી આગળ વહેલી સવારના બનલે અકસ્માતના અનડીટેકટ ગુન્હાનો ભેદ ઉકેલી આરોપીને ઝડપી પાડી લાઠી પોલીસ ટીમે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

આ બનાવમાં લાઠી તાલુકાના હીરાણા ગામના પાટીયાથી થોડે દુર જાનબાઈ દેરડી ગામ તરફ જતાં ભાવનગર-રાજકોટ રોડ ઉપર ગત તા.૨૨ ના રોજ વહેલી સવારના એક અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન પુર ઝડપે અને બેફીકરાઈથી ચલાવી એક અજાણ્યા રાહદારી સાથે ભટકાવી દઈ, રાહદારીને ગંભીર ઈજા કરી મોત નિપજાવી નાસી ગયેલ હતો.

આ બનાવ અંગે લાઠી પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ- ૨૮૧, ૧૦૬ (૧), ૧૨૫ (એ), ૧૨૫ (બી) તથા એમ.વી.એક્ટ કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪ મજુબનો ગુન્હો નોંધાયેલ હતો.



જે અન્વયે અમરેલી જીલ્લા પોલીસ દ્વારા લોક ભાગીદારીથી લગાડવામા આવેલ સી.સી.ટી.વી. કેમેરા પૈકી લાઠી પોલીસ સ્ટેશન વિસ્તારના ચાવડં આઉટ-પોસ્ટ ખાતેના સી.સી.ટી.વી. ફુટેજ તેમજ જાનબાઈ દેરડી ગામ ખાતેના સી.સી.ટી.વી. ફુટેજ આધારે અકસ્માત કરી નાશી છૂટેલાં લકઝરી બસ નં. છઈ-૦૬-ઝ-૯૯૨૫ ના ચાલક વિસાવદર ગામે રહેતાં આરોપી આસીફભાઈ આરીફભાઈ ઘોઘારી નામના આરોપીને ઝડપી પાડી અકસ્માતના ગુન્હાનો ભેદ લાઠી પોલીસ સ્ટેશનની સવેલન્સ ટીમે ઉકેલી નાખેલ છે.

# જાફરાબાદમાં પોલીસે લોક દરબાર યોજ્યો

## SP સંજય ખરાતની અધ્યક્ષતામાં વાર્ષિક નિરીક્ષણ સાથે લોકોના પ્રશ્નોનું નિરાકરણ કરાયું

અમરેલીઃજાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશન ખાતે પોલીસ અધિક્ષક (SP) સંજય ખરાતની અધ્યક્ષતામાં વાર્ષિક નિરીક્ષણ અને લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ કાયદાકીય પ્રશ્નો અને લોકોની સમસ્યાઓનું નિરાકરણ લાવવાનો હતો.

આ લોક દરબારમાં જાફરાબાદ શહેરના વિવિધ સમાજના આગેવાનો, વેપારીઓ, સરપંચો અને અન્ય હોદ્દેદારો સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.





ઉપસ્થિત આગેવાનો દ્વારા SP સંજય ખરાતનું શાલ, પુષ્પગુચ્છ અને હાર પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રોજેક્ટ ઈગલ આય-૨ હેઠળ સી.સી.ટી.વી. કેમેરા લગાવનાર ગામોના આગેવાનો, દાતાઓ અને સરપંચોનું જીં સંજય ખરાતના હસ્તે સન્માન પત્ર આપી સન્માન કરાયું હતું. કાર્યક્રમ દરમિયાન વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં SP સંજય ખરાત, ડીવાયએસપી નયનાબેન ગોરડીયા, ટાઉન પીઆઈ જે.આર. ભાચકન, મરીન પીઆઈ ગોહિલ, બંને પોલીસ સ્ટેશનના પીએસઆઈ અને પોલીસ સ્ટાફ હાજર રહ્યા હતા.

આ ઉપરાંત, અમરેલી જિલ્લા યુવા મોરચાના પ્રમુખ ચેતનભાઈ શિયાળ, નગરપાલિકા પ્રમુખ પ્રતિનિધિ પ્રફુલ્લભાઈ બારૈયા, ચીફ ઓફિસર, વિવિધ જ્ઞાતિના પટેલશ્રીઓ, સમાજના આગેવાનો, વેપારીઓ, સરપંચો અને વિશ્વ હિન્દુ પરિષદના પ્રતિનિધિઓ સહિત અનેક મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલામાં ઈ-ગ્રામ આસિસ્ટન્ટોના વેતન વધારાની માંગ

## સરપંચ એસોસિએશને રાજ્ય સરકારને કરી રજૂઆત

રાજુલાઃરાજુલા તાલુકા સરપંચ એસોસિએશને ઈ-ગ્રામ વિભાગના પ્રોજેક્ટ આસિસ્ટન્ટોના વેતન વધારાની માંગ સાથે રાજ્ય સરકારને સત્તાવાર રજૂઆત કરી છે. આ આસિસ્ટન્ટો રાજુલા તાલુકા પંચાયત હસ્તક કાર્યરત છે.એસોસિએશનના પ્રમુખની આગેવાની હેઠળ કરાયેલી રજૂઆતમાં જણાવાયું છે કે, રાજુલા તાલુકાની વિવિધ ગ્રામ પંચાયતોમાં ઈ-ગ્રામ યોજના અંતર્ગત ફરજ બજાવતા પ્રોજેક્ટ આસિસ્ટન્ટો લાંબા સમયથી ઓછા વેતનમાં કામ કરી રહ્યા છે, જેના કારણે તેમને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

આ આસિસ્ટન્ટો ડિજિટલ સેવાઓ, શાસકીય યોજનાઓની ઓનલાઈન એન્ટ્રી,



તેમજ ગામસ્તરે નાગરિકોને વિવિધ પ્રમાણપત્રો અને સેવાઓ પૂરી પાડવાનું મહત્વપૂર્ણ કાર્ય કરે છે. ગામડાંના વિકાસ અને શાસનની સેવાઓ લોકો સુધી પહોંચાડવામાં તેમની ભૂમિકા અગત્યની છે.સરપંચ એસોસિએશને માંગ કરી છે કે ઈ-ગ્રામ પ્રોજેક્ટ આસિસ્ટન્ટોને નિયમિત અને જીવનનિર્વાહ માટે પૂરતું વેતન આપવામાં આવે. આ ઉપરાંત, તેમની સેવાઓને કાયમી સ્વરૂપ આપવાની પણ માંગ કરવામાં આવી છે, જેથી તેઓ વધુ પ્રેરણા અને સ્થિરતા સાથે કામ કરી શકે.

આ મામલે રાજ્ય સ્તરના અનેક અધિકારીઓ અને મંત્રીઓને લેખિતમાં જાણ કરવામાં આવી છે. એસોસિએશને પ્રોજેક્ટ આસિસ્ટન્ટોના હિતમાં યોગ્ય નિર્ણય લેવા અને કાર્યવાહી કરવા વિનંતી કરી છે. સ્થાનિક સ્તરે ગ્રામ વિકાસની ડિજિટલ પ્રક્રિયાઓને મજબૂત બનાવવામાં ઈ-ગ્રામ કર્મચારીઓની ભૂમિકા મહત્વપૂર્ણ હોવાથી, હવે સરકારના નિર્ણય પર સૌની નજર છે.

# જૂનાગઢના શિવગીરીએ સાધુવેશમાં મચાવેલા આતંકનો VIDEO

## ભવનાથમાં કરેલા દબાણ પર બુલડોઝર ફેરવી દેવાયું, ભૂતકાળમાં સાધ્વી પર તલવારથી હુમલો કર્યો'તો

જૂનાગઢઃ વર્ષ ૨૦૨૩માં ગિરનાર ક્ષેત્રના મહિલા પીઠાધીશ્વર જયશ્રીકાનંદ માતાજી પર તલવારથી હુમલો કરી ચર્ચામાં આવેલા શિવગીરીએ ભવનાથમાં કરેલા દબાણ પર તંત્રએ બુલડોઝર ફેરવી દીધું છે. જૂનાગઢમાં આવતા શ્રદ્ધાળુઓને શિવગીરી વારંવાર હેરાન પરેશાન કરતો હોવાની ફરિયાદો ઉઠી હતી. પોલીસે શિવગીરીની અટકાયત કરી ઘરની તલાશી લેતા ૫૦ થી વધુ હથિયારો મળી આવ્યા હતા. તંત્ર દ્વારા શિવગીરી સામે ભવિષ્યમાં તડીપારની પણ કાર્યવાહી થઈ શકે છે. થોડા સમય પહેલા જ શિવગીરી દ્વારા કરાયેલા એક હુમલાના સીસીટીવી પણ સોશિયલ મીડિયામાં વાઈરલ થયા છે.

શિવગીરી નામનો આ શખ્સ પોતાને નાગા સાધુ તરીકે





ઓળખાવતો હતો, પરંતુ તેની હરકતો અસામાજિક તત્વો જેવી હતી. તે ભવનાથ ક્ષેત્રમાં આવતા નિર્દોષ ભાવિકોને ગમે ત્યારે નગ્ન હાલતમાં ડરાવતો અને ધમકાવતો હતો. તાજેતરમાં જ તેનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો, જેમાં તે પૂરપાટ ઝડપે કાર લઈને આવે છે અને નગ્ન અવસ્થામાં ઉતરીને એક યાત્રિક પર લાકડી વડે તૂટી પડે છે. આ શખ્સ સાધુતાની મર્યાદા ઓળંગી લોકોને માર મારતો હોવાની અનેક ફરિયાદો તંત્રને મળી હતી.પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલે દિવ્ય ભાસ્કર ને જણાવ્યું હતું કે મેળામાં અવરોધરૂપ તમામ દબાણો દૂર કરવાની સૂચના મુજબ શિવગીરીના ગેરકાયદે બાંધકામ પર કાર્યવાહી કરાઈ હતી. આ ડિમોલિશન દરમિયાન તેના આશ્રમમાંથી અંદાજે ૫૦ થી ૬૦ જેટલા તીક્ષ્ણ હથિયારો મળી આવ્યા છે. જેમાં તલવાર, ભાલા, ધારિયા, કુહાડી, છરા અને ગદા જેવા જોખમી શસ્ત્રોનો સમાવેશ થાય છે. આટલી મોટી સંખ્યામાં હથિયારો રાખવા પાછળનો હેતુ શું હતો તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે અને તમામ હથિયારો જપ્ત કરી શિવગીરીની અટકાયત કરી લેવામાં આવી છે.

# "સિંહના ટોળા ના હોય" કહેવત તદન ખોટી



(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલીઃ આપણાં ગુજરાતમાં એક સામાન્ય કહેવત છે કે, "સિંહના ટોળા ના હોય" પણ આ કહેવત અમરેલી જિલ્લામાં અનેક વખત તદન ખોટી ઠરી છે. જિલ્લામાં એકલ દોકલ નહીં પણ ટોળા સ્વરૂપે સિંહ પરિવાર ફરતો હોય છે. ત્યારે ફરી એક વખત ગીરકાંઠાના ધારી પંથકમાં એક, બે નહીં પણ એકી સાથ ૧૪ સિંહોનું ટોળું મોબાઈલ કેમેરામાં કેદ થવા પામેલ છે. જેનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં થયો વાયરલ થવા પામેલ છે.

અમરેલી જિલ્લામાં સતાવાર રીતે સૌથી વધુ ૩૩૯ સિંહોની સંખ્યા નોંધાઈ છે. ત્યારે ગીર કાંઠાના ધારી પંથકમાં સિંહોનું સામ્રાજ્ય જોવા મળે છે. ત્યારે ગઈકાલે રાત્રીનાં સમયે ધારી તાલુકાના ધારીના વાઘાવડી ગામ નજીક એક ૧૪ સિંહનું ટોળું જોવા મળ્યું હતું.

ગીર વિસ્તારમાં પાણી તથા ખોરાકની અછત હોય ત્યારે કેટલાંક સિંહ પરિવાર રાત્રીના અંધારામાં શિકાર તથા પાણીની શોધમાં નીકળેલા ૧૪ સિંહો જોવા મળતાં ત્યાંથી પસાર થતાં એક વાહન ચાલકે આ સિંહોના ટોળાને મોબાઈલ કેમેરામાં કેદ કર્યુ હતું. અને બાદમાં વીડિયો પણ સોશિયલ મીડિયામાં થયો વાયરલ થવા પામેલ છે.

# લાઠી તાલુકાના પીપળવા-દેરડી માર્ગ પર બ્રિજ બનશે

લાઠીઃ લાઠી તાલુકાના પીપળવાથી દેરડી સુધીના માર્ગ પર પુલની લાંબા સમયથી માગણી હતી ત્યારે માઈનોર બ્રીજને અંતે મંજૂરી મળી છે. રાજ્ય સરકાર દ્વારા રૂ. ૩.૫૦ કરોડના ખર્ચે આ મહત્વપૂર્ણ માઈનોર બ્રીજને મંજૂરી અપાવવામાં આવી છે, જે માટે ધારાસભ્ય જનક તળાવીયા દ્વારા રજૂઆતો કરવામાં આવી હતી. પીપળવા-દેરડી માર્ગ લાઠી તાલુકાના અનેક ગામોને જોડતો મહત્વપૂર્ણ માર્ગ છે.વરસાદી ઋતુ દરમિયાન નાળાં અને પાણીના પ્રવાહને કારણે વાહનવ્યવહાર ખોરવાતો હતો, જેના લીધે ખેડૂતો, વિદ્યાર્થીઓ, વેપારીઓ તેમજ દર્દીઓને ભારે હાલાકી ભોગવવી પડતી હતી. ખાસ કરીને ખેડૂતો તથા શાળાએ જતા બાળકો અને ઈમરજન્સી સેવાઓ માટે આ માર્ગ અત્યંત મહત્વનો છે. ધારાસભ્યએ આ અંગે સરકાર સમક્ષ વારંવાર રજૂઆત કરી હતી. તેમના અથાક પ્રયત્નોના પરિણામે આજે આ માઈનોર બ્રીજને મંજૂરી મળી હતી.

# અમરેલીના પીપરડી ગામને ટાપુ બનવામાંથી કાયમી મુક્તિ

## પીપરડી-મોટા ભમોદ્રા વચ્ચે ૮.૫૦ કરોડના ખર્ચે નવો માર્ગ બનશે

અમરેલીઃઅમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના પીપરડી ગામને ચોમાસામાં ટાપુ બનવાની વર્ષો જૂની સમસ્યામાંથી કાયમી મુક્તિ મળશે. રાજય સરકારે પીપરડી-મોટા ભમોદ્રા વચ્ચે ૮.૫૦ કરોડ રૂપિયાના ખર્ચે નવો માર્ગ બનાવવાની મંજૂરી આપી છે.

વર્ષોથી પીપરડી ગામમાં ભારે વરસાદને કારણે સંપર્ક તૂટી જતો હતો. ગામ ટાપુ બની જતું, જેના કારણે સામાન્ય જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ જતું હતું. કટોકટી સેવાઓ, વાહનવ્યવહાર અને દર્દીઓને હોસ્પિટલ પહોંચાડવા જેવી આવશ્યક સેવાઓ પણ બંધ થઈ જતી હતી.આ પરિસ્થિતિને કારણે અનેક વખત જાનમાલ બચાવવા માટે સરકારે બચાવ કામગીરી કરવી પડી હતી.પૂર સમયે લોકો ઘરોના છાપરા પર ફસાયેલા જોવા મળતા હતા અને ખેતરોમાં પણ



લોકો અટવાઈ જતા હતા.સ્થાનિક ધારાસભ્ય મહેશ કસવાલાના પ્રયાસોના પરિણામે પીપરડી-ભમોદ્રા વચ્ચેના નવા માર્ગને મંજૂરી મળી છે. આ માર્ગના નિર્માણથી ગામ સંપર્કવિહોણું નહીં બને તેવી ખાતરી આપવામાં આવી છે.આ નવા માર્ગની મુખ્ય વિશેષતા એ છે કે તેના નિર્માણમાં વચ્ચે કોઈ નદી કે નાળું નહીં આવે, જેથી ભવિષ્યમાં ભારે વરસાદ હોવા છતાં પણ માર્ગ ચાલુ રહેશે. ગ્રામજનોએ આ નિર્ણયને આવકારી ધારાસભ્ય મહેશ કસવાલાનો આભાર વ્યક્ત કર્યો છે.